# જૈન પાઠાવલી

પુસ્તક ૩

શ્રેણી ૩





**પ્રકાશક**

શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

**સંચાલિત**

માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા - ધાર્મિક શિક્ષણ બોર્ડ

## પ્રકાશન દિન

| | | |
|---|---|---|
| વીર સંવત | : | 2549 |
| વિક્રમ સંવત | : | 2079 |
| ઈ.સ | : | October 2023 |

## પ્રથમ આવૃત્તિ

| | | |
|---|---|---|
| પ્રત | : | 1500 |
| જ્ઞાનાર્થે | : | 50 ₹ |

---

## પ્રાપ્તિ સ્થાન

શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

**: સંચાલિત :**

**માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ**

**જયંત આર્કેડ**

**રાજાવાડી સિગ્નલ, હરીવન વામન પેઠેની ઉપર**

**ઓફિસ નંબર 202, ઘાટકોપર - (પૂ), મુંબઈ- 400077**

**Office : 9702277914**

**Chaayaben : 9029933775**

**Chiragbhai : 9820596646**

**E-mail : jainshikshanboard@gmail.com**

**website : jaineducationboard.org**




# શ્રુત સ્તંભ



**સ્વ. શ્રી સુરેશભાઈ ઉજમશીભાઈ કપાસીના પુણ્ય સ્મરણ નિમિત્તે**

માતુશ્રી શારદાબેન સુરેશભાઈ કપાસી

શ્રી અનિલભાઈ સુરેશભાઈ કપાસી, સૌ. હિરલબેન અનિલભાઈ કપાસી

ચિ. હર્ષ અનિલભાઈ કપાસી

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની
જ્ઞાનપ્રસારના કાર્યમાં સહકાર આપી
સ્વયંના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર
લોકોત્તર પુણ્યનો બંધ કરનાર દાતા પરિવારનો
**ધાર્મિક શિક્ષણ બોર્ડ ખૂબ ખૂબ આભાર માને છે**
તેઓના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે

|| નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ ||

# શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

**Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh**

: સંચાલિત :

## માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva Dharmik Shikshan Board,

Jayant Arcade, office No 202, 2nd floor, M.G. Road,
Rajawadi Signal, Ghatkopar (E), Mumbai- 400077

## જ્ઞાનદાન મહાદાન

### જ્ઞાન યોજના

₹1,00,000/- શ્રુતસ્તંભ

| | |
|---|---|
| ₹51,000/- શ્રુતાધાર | ₹5,000/- શ્રુતસહયોગી |
| ₹25,000/- શ્રુતપ્રભાવક | ₹2500/- શ્રુતસહાયક |
| ₹11,000/- શ્રુતપ્રેરક | ₹1000/- શ્રુતઅનુમોદક |

દેશ-વિદેશના હજારો પરીક્ષાર્થીઓ શ્રેણી 1 થી 24 ની પરીક્ષાઓ આપીને જ્ઞાનવૃદ્ધિ કરી રહ્યા છે. આપશ્રી જ્ઞાનદાન યોજનામાં સહભાગી બનશો અને અન્યને અનુમોદના માટે પ્રેરિત કરશોજી.

### Banking Details for DONATION to Dharmik Sikshan Board

**A/c Name** : Shree Greater Bombay Vardhaman Sthanakvasi Jain Mahasangh
**Bank Name** : DENA BANK, Zaveri Bazar, Mumbai - 400 002.
**Code** : RTGS/BKDNO450008
**A/c. No.** : 021010025716 Phone : +91 (22) 22018629

ચેક / ડ્રાફ્ટ શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થા. જૈન મહાસંઘના નામે લખવો.

# અતીતની અટારીએથી

આજે વિશ્વમાં પ્રલોભનો વધી રહ્યાં છે. આજનો માનવી સૂર્યોદયથી સૂર્યાસ્ત નહીં પણ મધરાત સુધી યંત્રવત્ દોડી રહ્યો છે. સમય અને નિરાંત જેવા શબ્દો તો એના જીવનના શબ્દકોષમાંથી ક્યારના રવાના થઈ ગયાં છે, ત્યારે પ્રશ્ન થાય છે કે, આ બધી દોટ કોના માટે ?

ત્યારે જવાબ છે કે, સુખ, સમૃદ્ધિ, અખૂટ સંપત્તિ માટે!

પણ શું આટલી દોડાદોડ કર્યા પછી આ બધું મળે છે ખરું ?

કદાચ યંત્ર યુગમાં સમૃદ્ધિ અને સંપત્તિ મળી જાય છે પણ જીવન યંત્રવત્ બની જાય છે અને સુખ-શાંતિના હવાતિયા મારવા છતાં સુખ-શાંતિ તો વહેંત છેટા રહી જાય છે. દરેક વ્યકિત કોઈને કોઈ દુ:ખથી ઘેરાયેલી છે. આ બધાં દુ:ખોથી મુક્ત થવું હોય તો સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માનો ધર્મ અને ધર્મની યથાર્થ સમજણ જ સહાયક થાય છે.

પરિસ્થિતિને જાણીને સમજીને વિચક્ષણ દીર્ઘદ્રષ્ટા વડીલોની આગેવાની લઈને 30.07.1961 ના બૃહદ મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘની આગેવાની હેઠળ માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

જૈનધર્મના 32 આગમમાંથી પ્રેરણા લઈ આગમ સાગરમાંથી મંથન કરીને સરળ ભાષામાં તેનો બોધ થઈ શકે તે માટે, સમસ્ત વિશ્વનાં સ્થાનકવાસી જૈનોના જૈનધર્મ આધારિત જ્ઞાનનો વિકાસ થાય તે માટે ધાર્મિક શિક્ષણ બોર્ડે પ્રારંભમાં શ્રેણી એકથી સાતના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા. આ પાઠયક્રમ તૈયાર કરવામાં પૂજ્ય શ્રી સંત-સતીજીઓનો અવિસ્મરણીય સાથ સહકાર મળ્યો.

પછી ક્રમશ: સંઘના વિદ્વાનોએ course નો વિકાસ કર્યો, જેને કારણે આજે એકથી ચોવીસ શ્રેણીનો course તૈયાર થઈ ગયો છે અને જ્યારે-જ્યારે જરૂર લાગી ત્યારે નવી આવૃત્તિમાં ફેરફાર પણ કર્યા છે. વર્તમાને ફરીથી આ book ફેરફાર સાથે નવા સ્વરૂપમાં આપણે પ્રકાશિત કરીએ છીએ. આની પાછળનો હેતુ આબાલવૃદ્ધ બધાં આમાં જોડાઈ શકે અને વધુમાં વધુ લોકો પરમાત્માના ધર્મની સન્મુખ થાય, એ જ છે.

સમય અનુસાર ક્રમિક વિકાસ કરતાં-કરતાં આજે માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ સંસ્કાર સિંચન સાથે સંસ્કાર સંપન્ન ભાવિ પેઢીના નિર્માણ માટે કાર્યશીલ છે.

Course તૈયાર કરવામાં અનેક ઉપકારી ગુરુ ભગવંતો, ગુરુણી ભગવંતોનું માર્ગદર્શન મળ્યું છે. અને એ માર્ગદર્શન અનુસાર અભ્યાસુ શ્રાવક-શ્રાવિકાઓએ પોતાનું યોગદાન આપ્યું છે. એ દરેકનું અમે અભિવાદન કરીએ છીએ.

આ Course ને કારણે આજ સુધીમાં લાખો લોકો પરીક્ષાના માધ્યમથી જૈનત્વના સંસ્કારને પામ્યા અને ભવિષ્યમાં પણ વધુમા વધુ લોકો આ અભ્યાસક્રમમાં જોડાઈને સુસંસ્કારને પામીને પોતાના ભાવિને ઉજ્જ્વળ બનાવે એ જ અભ્યર્થના.

## ધાર્મિક શિક્ષણ બોર્ડની પ્રવૃત્તિઓ

1. જૈનશાળા અને મહિલા મંડળની ધાર્મિક પરીક્ષાઓનું આયોજન.
2. પરીક્ષા માટે જરૂરી પુસ્તકોનું પ્રકાશન.
3. શિક્ષકોના અને વિદ્યાર્થીઓના સંમેલનો યોજી તેમને અભ્યાસક્રમની સમજણ આપવી.
4. શ્રેણીની પરીક્ષાઓનાં ઈનામી મેળાવડાનું આયોજન કરવું.
5. જ્ઞાનદાતા શિક્ષકોનું અભિવાદન.
6. બાલ પાઠાવલી એવં એકથી ચોવીસ શ્રેણી સુધીનો વિસ્તૃત અભ્યાસક્રમ ઉપલબ્ધ અને નવી શ્રેણીનો વિકાસ.
7. જૈન ધર્મનું ઊંડું જ્ઞાન ધરાવતા અનુભવી અને કુશળ જ્ઞાનદાતા દ્વારા ધાર્મિક અને આધ્યાત્મિક શિબિરોનું આયોજન.
8. Technology ના માધ્યમથી online, મૌખિક અને લિખિત પરીક્ષા દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈમાં લેવામાં આવે છે.
9. વૈશ્વિક (global) પરીક્ષાનું આયોજન, online certificate અને ઇનામ વિતરણ.

આ પુસ્તકમાં છદ્મસ્થાવસ્થાને કારણે
જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

## અનુક્રમણિકા

પેજ નંબર


**1. સૂત્ર વિભાગ - 40 marks**

1. સંપૂર્ણ સામાયિક સૂત્રનું શ્રેણી 1 અને 2નું પુનરાવર્તન ..... 01
2. પ્રતિક્રમણ 12 વ્રત સુધી કંઠસ્થ, અર્થ 1 થી 3 પાઠ અને સમજણ 1 થી 5 પાઠ ..... 07

**2. સામાન્ય સમજણ વિભાગ - 20 marks**

1. ગૃહસ્થ ધર્મની જતના ..... 18
2. સફળતાની ચાવી ..... 22
3. કંદમૂળનું સ્વરૂપ ..... 25
4. લૌકિક તથા લોકોત્તર પર્વ ..... 26

**3. તત્ત્વ તથા સંસ્કાર વિભાગ - 15 marks**

1. કર્મબંધ અને કર્મબંધના કારણો ..... 30
2. કર્મ અને પુનર્જન્મ ..... 42
3. પુણ્ય અને પાપનું સ્વરૂપ ..... 44
4. 5 જ્ઞાનના નામ અને જ્ઞાનવૃદ્ધિના બોલ ..... 46

**4. ધર્મ અને વિજ્ઞાન - 5 marks** ..... 48

**5. કથા વિભાગ - 10 marks**


1. વિશ્વભૂતિ રાજકુમાર ..... 50
2. નેમ રાજૂલ ..... 53
3. દ્રષ્ટિ એવી સૃષ્ટિ ..... 57

**6. કાવ્ય વિભાગ - 10 marks**

1. રત્નાકર પચીસી 1-12 કડી ..... 59
2. વાણી વિવેક ..... 62

## વિભાગ - 1 સૂત્રવિભાગ

# પ્રતિક્રમણ



પ્રતિક્રમણ જૈન પરંપરાનો એક પારિભાષિક શબ્દ છે. તેનો અર્થ પાપથી પાછા ફરવું થાય છે. વ્યક્તિ પોતાની મર્યાદાનું અતિક્રમણ કે ઉલ્લંઘન કરીને પાપ પ્રવૃત્તિનું સેવન કરે છે. સ્વયંને સ્વયંનું ભાન થતાં તે અતિક્રમણથી પાછા ફરીને સ્વસ્થાનમાં સ્થિર થાય છે અને શાંતિ-સમાધિનો અનુભવ કરે છે. આ સાધનાને **પ્રતિક્રમણ** કહે છે.

### પ્રતિક્રમણની વ્યાખ્યા -

1. પ્રમાદવશ અશુભ યોગમાં પ્રવૃત્ત થયેલા આત્માને શુભ યોગમાં સ્થિર કરવો, તે પ્રતિક્રમણ છે.



2. પાપપ્રવૃત્તિના સેવનથી પાછા ફરીને, તે દોષોનો પશ્ચાતાપ કરવો તે પ્રતિક્રમણ છે.
3. અહિંસા આદિ વ્રતપાલનમાં થયેલાં દોષસેવનની પશ્ચાતાપ દ્વારા શુદ્ધિ કરવી તે પ્રતિક્રમણ છે.
4. દોષસેવનથી મલિન થયેલા આત્માની શુદ્ધિ માટે દોષસેવનથી પાછા ફરવું તે પ્રતિક્રમણ છે.
5. પ્રતિક્રમણ એટલે સ્વદોષ દર્શન. પોતાના દોષોનું દર્શન થતાં જ આત્મા તેનાથી પાછો ફરી આત્મશુદ્ધિની દિશામાં પ્રથમ કદમ ઉઠાવે છે, તે જ પ્રતિક્રમણની સાધના છે.

## પ્રતિક્રમણનો વિષય -

દોષ સેવન ચાર પ્રકારે થતું હોવાથી, તેનો વિષય ચાર પ્રકારનો છે.

1. હિંસા, અસત્ય, ચોરી આદિ ન કરવા યોગ્ય પ્રવૃત્તિનું સેવન કર્યું હોય.
2. અહિંસા, ક્ષમા, તપ, જપ આદિ કરવા યોગ્ય પ્રવૃત્તિની આરાધના ન કરી હોય.
3. તીર્થંકરોના વચનોમાં અશ્રદ્ધાનો ભાવ કર્યો હોય.
4. જિનવાણીથી વિપરીત પ્રરૂપણા કરી હોય.

આ ચારે પ્રકારે દોષસેવન થયું હોય, તો તેનાથી પાછા ફરવાનું હોય છે.

આ ચારે વિષયનું શુદ્ધ ભાવથી પ્રતિક્રમણ કરનાર સાધક શ્રદ્ધા, પ્રરૂપણા અને સ્પર્શના રૂપ આરાધનાના ત્રણે માર્ગની શુદ્ધિ કરે છે. અશ્રદ્ધાના પ્રતિક્રમણથી શ્રદ્ધાની શુદ્ધિ, વિપરીત પ્રરૂપણાના પ્રતિક્રમણથી પ્રરૂપણાની શુદ્ધિ અને ન કરવા યોગ્યનું સેવન અને કરવા યોગ્યના અસેવનના પ્રતિક્રમણથી સ્પર્શનાની શુદ્ધિ થાય છે.

સંક્ષેપમાં શ્રદ્ધા, પ્રરૂપણા અને સ્પર્શનાની યથાર્થતાથી સાધકની સાધના ગતિશીલ બને છે.

પ્રતિક્રમણની મહત્તાને સ્વીકારીને પરમાત્માએ ચતુર્વિધ શ્રી સંઘ માટે ઉભયકાલની આવશ્યક ક્રિયા રૂપે તેને સ્થાન આપ્યું છે.

## પ્રતિક્રમણનો અધિકારી -

જેને પાપથી પાછા ફરીને સન્માર્ગે આવવાની પ્રબળ ઇચ્છા છે, તેવા પાપભીરુ સાધક જ પ્રતિક્રમણના અધિકારી છે. જેને પાપનો ભય નથી, તેને પ્રાયશ્ચિતનો ભાવ પ્રગટ થતો જ નથી. તેથી તેનું કરેલું પ્રતિક્રમણ પૂર્ણતઃ સફળ થતું નથી.

## પ્રતિક્રમણના પ્રકાર -

કારણની અપેક્ષાએ પ્રતિક્રમણના પાંચ પ્રકાર છે.

મિથ્યાત્ત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ, આ પાંચ પાપસેવનના કારણ છે. પાપથી પાછા ફરવા માટે તેના કારણોથી પાછા ફરવું પડે છે, તે અપેક્ષાએ પ્રતિક્રમણના આ પાંચ પ્રકાર છે.

1. **મિથ્યાત્ત્વનું પ્રતિક્રમણ** - ચોથા ગુણસ્થાને સમ્યક્ દર્શનની પ્રાપ્તિ થતાં મિથ્યાત્ત્વનું પ્રતિક્રમણ થાય છે.


2. **અવ્રતનું પ્રતિક્રમણ** - પાંચમા કે છઠ્ઠા ગુણસ્થાને શ્રાવકના કે સાધુના વ્રત ગ્રહણ કરવાથી અવ્રતનું પ્રતિક્રમણ થાય છે.
3. **પ્રમાદનું પ્રતિક્રમણ** - સાતમા ગુણસ્થાને પ્રમાદનો ત્યાગ થતાં પ્રમાદનું પ્રતિક્રમણ થાય છે.
4. **કષાયનું પ્રતિક્રમણ** - અગિયારમા કે બારમા ગુણસ્થાને વીતરાગદશાની અનુભૂતિ થતાં કષાયનું પ્રતિક્રમણ થાય છે.
5. **યોગનું પ્રતિક્રમણ** - ચૌદમા ગુણસ્થાને અયોગી અવસ્થા પ્રાપ્ત થતાં યોગનું પ્રતિક્રમણ થાય છે.

ઉપરોક્ત સમ્યક દર્શન આદિ પાંચે અવસ્થા પ્રગટ ન થાય, તે પહેલાં પ્રતિક્રમણ કરનાર સાધકની શ્રદ્ધા મજબુત થતી જાય અને તેના પ્રાયશ્ચિતના ભાવો દ્રઢ થતાં જાય છે, તેથી ઉભયકાલ પ્રતિક્રમણ કરવું અત્યંત જરૂરી છે.
આ પાંચે પ્રકારના પ્રતિક્રમણની પૂર્ણતાથી જીવ સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે.

**કાળની અપેક્ષાએ પ્રતિક્રમણના પાંચ પ્રકાર -**

1. **દેવસી** - પ્રતિદિન સૂર્યાસ્ત પછી બે ઘડીમાં દિવસના પાપોની આલોચના કરવી.
2. **રાઈ** - પ્રતિદિન સૂર્યોદય પૂર્વે બે ઘડીમાં રાત્રિના પાપોની આલોચના કરવી.
3. **પાખી** - મહિનામાં બે વાર પુનમ અને અમાસના દિવસે સાંજે પંદર દિવસના પાપોની આલોચના કરવી.
4. **ચૌમાસી** - ચાર મહિનાના અંતે અર્થાત્ કાર્તિકી પૂર્ણિમા, ફાગણ પૂર્ણિમા અને અષાઢ પૂર્ણિમાના દિવસે સાંજે ચાર મહિનાના પાપોની આલોચના કરવી.
5. **સાંવત્સરિક** - પ્રત્યેક વર્ષે અષાઢ સુદ પૂર્ણિમાથી પચાસમા દિવસે ભાદરવા સુદ પાંચમના દિવસે સાંજે આખા વર્ષના પાપોની આલોચના કરવી.



દરરોજ ઘરની સફાઇ કરવા છતાં પર્વના દિવસે વિશેષ સાફસફાઈ થાય, તેમ રોજ પ્રતિક્રમણ કરવા છતાં, પાખી આદિ પર્વના દિવસે વિશિષ્ટ રીતે પ્રતિક્રમણ કરાય છે.

## પ્રતિક્રમણનો સમય -

દેવસી પ્રતિક્રમણ માટે સૂર્યાસ્ત પછીની બે ઘડીનો સમય છે અને રાઇ પ્રતિક્રમણ માટે સૂર્યાસ્ત પૂર્વે બે ઘડીનો સમય છે, પાખી, ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણ દેવસી પ્રતિક્રમણના સમયે જ કરાય છે.

આ રીતે સાધક પરમાત્માની આજ્ઞાનુસાર શુદ્ધ ભાવપૂર્વક પ્રતિક્રમણ કરીને આત્મવિશુદ્ધિ કરે છે. આ જ સાધનાનો માર્ગ છે.

## પ્રતિક્રમણના આવશ્યક -

**છ આવશ્યક દ્વારા પ્રતિક્રમણની વિધિ પૂર્ણ થાય છે.**

**1.** સામાયિક
**2.** ચૌવિસંથો-ચતુર્વિંશતિસ્તવ
**3.** વંદના
**4.** પ્રતિક્રમણ
**5.** કાયોત્સર્ગ
**6.** પચ્ચક્ખાણ

હર આવશ્યકના પ્રારંભમાં વિનયપૂર્વક આજ્ઞા લેવી જોઈએ. આજ્ઞા લેતા સમયે જો પૂજ્ય સંત-સતીજી હાજર હોય તો તેમની જો ન હોય તો ઇશાન ખૂણા તરફ મુખ રાખી પ્રભુ સીમંધર સ્વામીની આજ્ઞા લેવી.

## પ્રથમ આવશ્યક - સામાયિક -

પ્રતિક્રમણનો પ્રથમ પાઠ આજ્ઞા સૂત્ર અથવા પ્રતિક્રમણ કરવા માટેનું સંકલ્પ સૂત્ર છે. તે પાઠ બોલ્યા પછી પ્રથમ સામાયિક આવશ્યકનો પ્રારંભ થાય છે. તેમાં કરેમિ ભંતે, સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર, તસ્સ ઉત્તરી...નો પાઠ અને 99 અતિચારનો કાઉસ્સગ કરવો.



## બીજો આવશ્યક - ચૌવિસંથો -

નમો અરિહંતાણં બોલીને કાઉસ્સગ્ગ પૂર્ણ


કર્યા પછી તિક્ખુત્તોનો પાઠ બોલી ત્રણ વંદના કરીને બીજા આવશ્યકની આજ્ઞા લઇને લોગસ્સના પાઠ દ્વારા ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવી.

### ત્રીજો આવશ્યક - વંદના -



લોગસ્સનો પાઠ પૂર્ણ થાય, ત્યાર પછી તિક્ખુત્તોનો પાઠ બોલી ત્રણ વંદના કરીને ત્રીજા આવશ્યકની આજ્ઞા લઇને ઉકડુ આસને બેસીને બાર આવર્તન સહિત ઇચ્છામિ ખમાસમણો...નો ઉત્કૃષ્ટ વંદનાનો પાઠ બે વાર બોલવો.

### ચોથો આવશ્યક - પ્રતિક્રમણ -



ઉત્કૃષ્ટ વંદના થઈ ગયા પછી તિક્ખુત્તોનો પાઠ બોલી ત્રણ વંદના કરીને, ચોથા આવશ્યકની આજ્ઞા લઇને ઊભા-ઊભા અથવા બેસીને, બંને હાથ જોડીને પ્રતિક્રમણની આરાધના કરવી, તેમાં ચોથો પાઠ - દિવસ સંબંધી જ્ઞાન, દર્શન...થી શરૂ કરીને બાર વ્રત, સંથારો, 18 પાપસ્થાન, 25 મિથ્યાત્ત્વ, 14 સંમુચ્છિર્મ, માંગલિક, પાંચ શ્રમણ સૂત્ર અને છ ખામણા તથા ફરીવાર બે વાર ઉત્કૃષ્ટ વંદનાના પાઠનો સમાવેશ થાય છે.

### પાંચમો આવશ્યક - કાયોત્સર્ગ -



પ્રતિક્રમણ આવશ્યક પૂર્ણ થયાં પછી તિક્ખુત્તોનો પાઠ બોલી ત્રણ વંદના કરીને, પાંચમા આવશ્યકની આજ્ઞા લઇને દેવસિય પ્રાયશ્ચિત... નમસ્કાર મંત્ર, કરેમિ ભંતે, ઇચ્છામિ ઠામિ, તસ્સ ઉત્તરીનો પાઠ બોલવો અને ત્યાર પછી ચાર લોગસ્સ અથવા ધર્મધ્યાનનો

કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગ પૂર્ણ કરીને પ્રગટ પણે લોગસ્સ તથા ઉત્કૃષ્ટ વંદનાનો પાઠ બે વાર બોલવો.

**છઠ્ઠો આવશ્યક - પચ્ચક્ખાણ -**

ત્યાર બાદ તિક્ખુત્તોનો પાઠ બોલી ત્રણ વંદના કરીને છઠ્ઠા આવશ્યકની આજ્ઞા લઇને સંતો બિરાજતા હોય તો તેઓ પાસે ચૌવિહારના પચ્ચક્ખાણ લેવા. સંતોનું પ્રત્યક્ષ સાંનિધ્ય ન હોય તો વડીલ શ્રાવકો પાસે અથવા કોઇ ન હોય, તો ભાવથી ગુરુની સાક્ષીએ પચ્ચક્ખાણ ગ્રહણ કરવા.

છેલ્લે ત્રણ નમોત્થુણં દ્વારા સિદ્ધ પરમાત્મા, અરિહંત ભગવાન અને ગુરુ ભગવંતોની સ્તુતિ કરવી.

આ રીતે છ આવશ્યક દ્વારા પ્રતિક્રમણની વિધિ સમાપ્ત થાય છે.

## અપેક્ષિત પ્રશ્નો


1. **પ્રતિક્રમણ કોણ કરી શકે છે ?**
2. **પ્રતિક્રમણ દ્વારા આરાધનાના ક્યા માર્ગની શુદ્ધિ થાય છે ?**
3. **ત્રિજા આવશ્યકમાં ક્યું આસન હોય છે ?**
4. **કષાયનું પ્રતિક્રમણ ક્યાં ગુણસ્થાને થાય ?**
5. **પ્રતિક્રમણ એટલે શું ?**

### ॥ पडिक्कमणेणं भंते ! जीवे किं जणयइ ? ॥

**હે ભગવાન! પ્રતિક્રમણ કરવાથી જીવને શું લાભ થાય છે?**

પ્રતિક્રમણ કરવાથી જીવ પોતે સ્વીકારેલા વ્રતોમાં લાગેલાં દોષોથી નિવૃત્ત થાય છે. વ્રતનાં દોષોથી નિવૃત્ત થયેલો જીવ આશ્રવોનો નિરોધ કરે છે, તે સબળ દોષોથી રહિત શુદ્ધ સંયમવાન બનીને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તી રૂપ અષ્ટ પ્રવચન માતાની આરાધનામાં સતત સાવધાન બને છે, સંયમયોગોમાં તલ્લીન (એક-મેક) થઇ જાય છે અને ઇન્દ્રીયવિજેતા બની, સમાધિયુક્ત થઈને સંયમમાર્ગમાં વિચરણ કરે છે.

# પ્રતિક્રમણ પાઠ - 1 આજ્ઞા સૂત્ર




સાધકની વ્રત, તપ, જપ આદિ કોઇપણ સાધના પોતાની ઇચ્છાથી કે સ્વચ્છંદ બુદ્ધિથી થતી નથી. દરેક સાધના ગુરુની આજ્ઞાપૂર્વક થાય તો જ તે સફળ થાય છે.

પ્રતિક્રમણ આત્મશુદ્ધિની મહત્ત્વપૂર્ણ સાધના છે, તેથી સાધક પ્રતિક્રમણનો પ્રારંભ ગુરુની આજ્ઞાપૂર્વક કરે છે. સાધક ગુરુ સમક્ષ પોતાના મનોભાવનું નિવેદન કરે છે કે, "હે ગુરુદેવ! આપની આજ્ઞા હોય, તો મને પ્રતિક્રમણની આરાધના કરવાની ઇચ્છા છે." ગુરુ તરફથી સંમતિ મળે, ત્યાર પછી તે પ્રતિક્રમણની વિધિનો પ્રારંભ કરે છે.

## પ્રતિક્રમણ શેનું ?

શ્રાવક કે સાધુ મોક્ષમાર્ગના પથિક છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના, તે જ મોક્ષમાર્ગની સાધના છે. તે સાધના કરતાં દિવસ દરમ્યાન જ્ઞાન, દર્શન, ચરિત્તાચરિત્તે - શ્રાવકના વ્રત રૂપ દેશવિરતિ ચારિત્ર અને તપ સંબંધી દોષોનું સેવન થયું હોય, તો તેનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

તેથી સાધક ગુરુને વિનંતિ કરે છે કે, "હે ગુરુદેવ! હું આજના દિવસમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર કે તપ સંબંધી અતિચારોનું સેવન કર્યું હોય, તો તેની આલોચના કરીને તેનાથી શુદ્ધ થવા માટે પ્રતિક્રમણ કરું છું."

પાપ કરવાના ચાર steps છે. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર.

**અતિક્રમ** - પાપસેવનનો કે વ્રતભંગનો વિચાર કરવો. જેમ કે, કંદમૂળ ખાવાના પચ્ચક્ખાણ લીધા હોય, તેમ છતાં કંદમૂળ ખાવાનો વિચાર કરવો.

**વ્યતિક્રમ** - તેને યોગ્ય સામગ્રી ભેગી કરવી. બજારમાંથી કંદમૂળ લાવવું

**અતિચાર** - પૂર્ણ તૈયારી કરી લેવી. કંદમૂળ ખાવાની - જેમ કે, બટેટાનું શાક બનાવી લેવું.

**અનાચાર -** વ્રતભંગ કરવો અર્થાત્ કંદમૂળ ખાઇ લેવું.


અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચાર સુધીના દોષનું સેવન થયું હોય, તો પ્રતિક્રમણ દ્વારા તે દોષ સેવનથી પાછા ફરી શકાય છે. પરંતુ અનાચાર અર્થાત્ વ્રતભંગ થઇ ગયો હોય, ત્યારે તેની શુદ્ધિ કેવળ પ્રતિક્રમણ કરવાથી થતી નથી. અનાચારની શદ્ધિ માટે ગુરુ સમક્ષ તેનું નિવેદન કરીને પ્રાયશ્ચિત લેવું પડે છે.

સંક્ષેપમાં પ્રતિક્રમણ દ્વારા અતિચાર સુધીના દોષોની જ શુદ્ધિ થાય છે. તેથી પાઠમાં **"અતિચાર ચિંતવનાર્થં"**...શબ્દ પ્રયોગ છે. "હે ગુરુદેવ! હું અતિચારોનું ચિંતન કરવા માટે કાયોત્સર્ગમાં સ્થિત થાઉં છું."

આ રીતે પ્રથમ પાઠમાં પ્રતિક્રમણની આજ્ઞા વિધિ તથા સંક્ષેપમાં કયા દોષોનું પ્રતિક્રમણ કરવાનું છે, તેનું નિરૂપણ છે.

## અપેક્ષિત પ્રશ્નો

1. **પ્રતિક્રમણના પ્રથમ પાઠનું નામ શું છે ?**
2. **અનાચારનું પ્રતિક્રમણ કેમ થતું નથી ?**
3. **પ્રતિક્રમણ શેનું કરાય છે ?**
4. **અતિક્રમ એટલે શું ?**
5. **સાધના સફળ ક્યારે થાય ?**



# પાઠ - 2 સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર

આ પાઠનું નામ સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર છે, તે આખાય પ્રતિક્રમણના સારરૂપ છે. અથવા સંપૂર્ણ પ્રતિક્રમણના planning રૂપ છે.

જેમ મકાન બનાવનાર વ્યક્તિ પહેલા મકાનનો plan બનાવે છે. Planમાં સંપૂર્ણ મકાનની રૂપરેખા આલેખાયેલી હોય છે. Plan પ્રમાણે મકાનનું ચણતર ક્રમશઃ થાય છે. તેમ આ પાઠમાં પ્રતિક્રમણનું પૂર્ણતઃ planning છે.

મનુષ્ય પાસે પાપસેવનના ત્રણ સાધન છે.

તે આ પ્રમાણે છે - મન, વચન અને કાયા.

આ ત્રણે સાધનોનો જો સન્માર્ગે પ્રયોગ થાય, તો તે સાધનાના સાધનો બને છે અને ઉન્માર્ગે પ્રયોગ થાય, તો તે કર્મબંધનના સાધનો બને છે. સાધકે તે ત્રણે સાધનોની પ્રવૃત્તિઓ તરફ સતત સાવધાન રહેવાનું છે. મન, વચન કે કાયાથી કોઇ અતિચારનું સેવન થયું હોય તો તેનું ચિંતન કરવાનું છે.

• મનથી દુર્ધ્યાન કે દુષ્ટ ચિંતવના કરી હોય,
• વચનથી ઉત્સૂત્રની પ્રરૂપણા કરી હોય,
• કાયાથી શ્રાવકને કલ્પે નહીં કે કરવા યોગ્ય ન હોય, તેવી કોઇ પણ પ્રવૃત્તિ કરી હોય,
• શ્રુતધર્મ કે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારના શ્રાવકના દેશવિરતિ ચારિત્ર ધર્મની ખંડના કે વિરાધના કરી હોય,

તો હું તેનું પ્રતિક્રમણ કરું છું.

આ રીતે આ પાઠ દ્વારા પ્રતિક્રમણની રૂપરેખા તૈયાર થયા પછી, ચોથા પ્રતિક્રમણ આવશ્યકમાં જ્ઞાનાદિના અતિચારોનું એક-એક પાઠ દ્વારા ક્રમશઃ વિસ્તૃત વર્ણન છે.

## વિશિષ્ટ શબ્દાર્થ:

**उस्सुत्तो - ઉત્સૂત્ર -**

આગમના કથનથી વિપરીત પ્રરૂપણા કરવી, આ પાપનું સેવન મિથ્યાત્વજનક છે, તેનાથી અનંત સંસાર પરિભ્રમણ યોગ્ય કર્મબંધ થાય છે. પ્રભુ મહાવીરના

આત્માએ ત્રીજા મરીચિના ભવમાં ઉત્સૂત્રની પ્રરૂપણા કરી હતી. શિષ્ય બનવા આવેલા, કપિલ નામના યુવાનને 'અહીં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે.' આ પ્રમાણે કહીને એક ક્રોડાક્રોડી સાગરોપમનું સંસાર પરિભ્રમણ વધાર્યું હતું. **'અહીં પણ અર્થાત્ ત્રિદંડીપણામાં પણ ધર્મ છે અને ત્યાં પણ અર્થાત્ પ્રભુ આદિનાથ કથિત સંયમમાં પણ ધર્મ છે.'** આ મિથ્યા કથન તેમની ઉત્સૂત્ર પ્રરૂપણા હતી.

**उम्मग्गो - ઉન્માર્ગ -**

જિનાજ્ઞાની પરંપરાથી વિરુદ્ધ આચરણ કરવું, તે ઉન્માર્ગગમન છે. જેમ કે, મરીચિએ સાધુપણામાં ત્રિદંડીનો વેષ ધારણ કર્યો, તે ઉન્માર્ગગમન છે. આ દોષ ચારિત્ર સંબંધી છે.

**अकप्पो - અકલ્પનીય -**

શ્રાવક કે સાધુની જે કલ્પ - મર્યાદા છે, તેનું ઉલ્લંઘન કરવું. જેમ કે, શ્રાવકને માટે ન્યાયસંપન્ન વ્યાપાર કરવાનું વિધાન છે. શ્રાવક વ્યાપારમાં અનીતિ કે અપ્રામાણિકતાનું સેવન કરે, તો તે શ્રાવકની મર્યાદાનું ઉલ્લંઘન છે, તે અકલ્પનીય દોષ સેવન છે.

**अकरणिज्जो - અકરણીય -**

ન કરવા યોગ્ય પ્રવૃત્તિનું આચરણ કરવું જેમ કે, પંદર કર્માદાન મહાઆરંભજન્ય, મહાહિંસક વ્યાપારો છે. તે શ્રાવકોને કરવા યોગ્ય નથી. તેમ છતાં તેનું સેવન કરે, તો તે અકરણીય દોષ સેવન છે.

**सुए- શ્રુતધર્મ -**

**શ્રુત-શ્રુતજ્ઞાન.** તીર્થંકર પરમાત્માના ઉપદેશથી પ્રાપ્ત થયેલું આગમજ્ઞાન શ્રુત છે. આગમ સાહિત્યની શ્રદ્ધા અને યથાર્થ પ્રરૂપણા કરવી, તે શ્રુતધર્મ છે. તત્સંબંધી દોષસેવન થયું હોય, તો તેનું પ્રતિક્રમણ કરવાનું છે.

**सामाइए -**

સામાયિક અર્થાત્ ચારિત્ર રૂપ ધર્મ. શ્રાવકના બાર વ્રતરૂપ ચારિત્રધર્મની આરાધના યથાર્થ રીતે ન થઇ હોય, તો તેની આલોચના કરવાની છે.

**जं खंडियं -**

ખંડના કરી હોય, વ્રતનો એક દેશથી ભંગ થાય, તેને ખંડના કહે છે.

**जं विराहियं -**

વિરાધના કરી હોય, વ્રતનો અનેક અંશથી ભંગ થાય, તેને વિરાધના કહે છે. વિરાધનામાં અનેકાંશથી વ્રતનો ભંગ થવા છતાં વ્રતનો સંપૂર્ણ નાશ થતો નથી. જો વ્રતનો સંપૂર્ણ નાશ થાય તો, તે દોષ અનાચારની કક્ષામાં આવી જાય છે અને અનાચારની કક્ષાના દોષોની શુદ્ધિ પ્રતિક્રમણથી થતી નથી, તેની શુદ્ધિ ગુરુ દ્વારા આપેલા પ્રાયશ્ચિતથી જ થાય છે.

## અપેક્ષિત પ્રશ્નો

1. ઉસ્સુત્તો એટલે શું ?
2. ખંડના અને વિરાધનામાં શું તફાવત છે ?
3. પ્રતિક્રમણના બીજા પાઠનો વિષય શું છે ?
4. ઉમ્મગ્ગો અને ઉસ્સુત્તોમાં ક્યોં દોષ મોટો છે, શા માટે ?
5. શ્રુતધર્મ એટલે શું ?



# પાઠ - 3 દ્વાદશાવર્ત વંદન સૂત્ર

**વંદનના ત્રણ પ્રકાર છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ**

1 . સંત-સતીજી રસ્તામાં સામે મળે, ત્યારે બે હાથ જોડી મસ્તક નમાવીને **"મત્થએણ વંદામિ"** શબ્દો બોલીને નમસ્કાર કરાય, તે જઘન્ય વંદન છે.

2. પંચાંગ નમાવીને **'તિક્ખુત્તોનો'** પાઠ બોલીને વંદન કરાય, તે મધ્યમ વંદન છે.

3. દ્વાદશ - બાર આવર્તન સહિત ઉકડુ આસને બેસીને **"ઇચ્છામિ ખમાસમણોના"** પાઠથી વંદના કરાય, તે ઉત્કૃષ્ટ વંદના છે.



**પ્રતિક્રમણનો ત્રીજો પાઠ ઉત્કૃષ્ટ વંદનાનો છે.**

આ પાઠની સ્પષ્ટતા માટે તેના ચાર વિભાગ કરી શકાય છે.

## 1. ઇચ્છાનિવેદન:-

**"ઇચ્છામિ ખમાસમણો... નિસીહિયાએ..."** આ શબ્દો ઇચ્છાના નિવેદન રૂપ છે.

સૌ પ્રથમ શિષ્ય પોતાની વંદન કરવાની ઇચ્છાનું, ભાવનાનું ગુરુ સમક્ષ નિવેદન કરે છે, **"હે ક્ષમાશ્રમણ ગુરુદેવ! હું સર્વ પાપપ્રવૃત્તિનો નિષેધ કરીને, મારી શક્તિ અનુસાર આપને વંદન કરવાની ઇચ્છા રાખું છું".**

## 2. આજ્ઞાયાચના:-

**"અણુજાણહ મે મિ ઉગ્ગહં."**

**"હે ગુરુદેવ! મને આપના અવગ્રહમાં આવવાની આજ્ઞા પ્રદાન કરો."** શિષ્ય આ શબ્દો દ્વારા આજ્ઞાની યાચના કરે છે.

**અવગ્રહ** - ગુરુદેવ જ્યાં બિરાજમાન હોય, તેની ચારે તરફ સાડા ત્રણ હાથનું ક્ષેત્ર ગુરુનું અવગ્રહ ક્ષેત્ર કહેવાય છે, આ ક્ષેત્રમાં ગુરુ પોતાની સાધના સ્વતંત્ર રીતે કરતા હોય છે. તેઓની સાધનામાં સ્ખલના ન થાય, તે દ્રષ્ટિથી અવગ્રહ ક્ષેત્રમાં આજ્ઞા વિના પ્રવેશ નિષેધ હોય છે. શિષ્યને વંદન કરવા કે વાંચના આદિ અનિવાર્ય કાર્ય માટે ગુરુની સમીપે જવું હોય, તો ગુરુની આજ્ઞા લઇને જ જાય છે.

**3. સુખશાતાની પૃચ્છાઃ-**

**'અહો કાયં... જવણિજ્જં'** સુધીનો સૂત્રપાઠ ગુરુને શારીરિક સુખશાતા અને સંયમ યાત્રાની સુખશાતા પૂછવા માટે છે. **'અહો, કાયં, કાય'** આ શબ્દો દ્વારા ત્રણ આવર્તન કરીને **'સંફાસં'** શબ્દ બોલીને શિષ્ય ગુરુના ચરણનો સ્પર્શ કરે છે.

**'અપ્પકિલંતાણં'** વગેરે શબ્દો બોલી ગુરુને શાતા પૂછે છે.

ત્યાર પછી **'જત્તા ભે, જવણિજ્જં, ચ ભે'** શબ્દ દ્વારા ફરી ત્રણ આવર્તન કરીને **'ખામેમિ ખમાસમણો...'** શબ્દ બોલી ગુરુચરણનો સ્પર્શ કરી સંયમ સાધના સંબંધી સુખશાતા પૂછી ક્ષમાયાચના કરે છે.

**4. ક્ષમાયાચનાઃ-**

**'ખામેમિ ખમાસમણો... વોસિરામિ'** સુધીનો પાઠ ક્ષમાયાચના માટે છે. શિષ્યના વ્યવહારથી - ક્રોધાદિ કષાયોને આધીન થઇને 33 પ્રકારની અશાતનામાંથી કોઇ પણ પ્રકારે અવિનય કે અશાતના થઇ હોય - તો શિષ્ય શુદ્ધ ભાવથી ગુરુની ક્ષમાયાચના કરે છે.

આ રીતે એક વારના સૂત્ર પાઠમાં છ આવર્તન થયા, તે જ રીતે બીજી વાર આ જ વિધિથી પાઠનું ઉચ્ચારણ કરે, બે વાર સૂત્રપાઠ બોલીને વિધિવત્ વંદન કરવાથી દ્વાદશ - બાર આવર્તન થાય છે.

આ રીતે ઉત્કૃષ્ટ વંદના વિશિષ્ટ વિધિથી અહોભાવપૂર્વક કરાય છે. આ પ્રકારની વંદન વિધિથી શિષ્યના અંતરમાં ગુરુના ઉપકારની, અનુભૂતિ દ્રઢતમ્ થાય છે. ગુરુ શિષ્યની આત્મીયતા વધે છે, જે શિષ્યની સાધનામાં અત્યંત ઉપયોગી છે.

## અપેક્ષિત પ્રશ્નો

1. **ઉત્કૃષ્ટ વંદનાથી શું લાભ થાય ?**
2. **અવગ્રહ એટલે શું ?**
3. **એક વારની વંદનામાં કેટલા આવર્તન થાય ?**
4. **ગુરુદેવને સુખશાતા પૂછવા માટે ક્યા શબ્દો છે ?**
5. **અશાતનાના કેટલાં પ્રકાર છે ?**

# પાઠ - 4 જ્ઞાનના અતિચાર


પ્રતિક્રમણના ચોથા પાઠથી ચોથા આવશ્યકનો પ્રારંભ થાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના અતિચાર દોષોની નિવૃત્તિ માટે પ્રતિક્રમણ કરવાનું છે.

આ પાઠમાં જ્ઞાનના 14 અતિચારોનું કથન છે.

**જ્ઞાનારાધના:- ત્રણ પ્રકારે જ્ઞાનની આરાધના કરી શકાય છે.**

**1. સુત્તાગમે-**

સૂત્ર રૂપ આગમ. આગમના મૂળપાઠની વાંચના લેવી, દેવી, તેનો સ્વાધ્યાય કરવો વગેરે...



**2. અત્થાગમે-**

અર્થરૂપ આગમ. આગમના મૂળપાઠના અર્થો સમજવા, સમજાવવા, તેનું પુનરાવર્તન કરવું વગેરે...

**3. તદુભયાગમે-**

સૂત્ર અને અર્થ બંને સાથે વાંચવા. આ રીતે વાંચના લેવી, દેવી, સ્વાધ્યાય કરવો, તેની અનુપ્રેક્ષા કરવી વગેરે...

આ ત્રણે પ્રકારે જ્ઞાનની આરાધના કરતાં ક્યારેક ઉચ્ચારણની અશુદ્ધિ, ચિત્તની ચંચળતા, ઉપયોગની અસ્થિરતા, અવિનય અથવા જ્ઞાનગ્રહણની પાત્રતાના અભાવે પરમાત્માની વાણીની અશાતના થાય છે.

તેમ જ પરમાત્માના ઉપદેશ રૂપ આગમ ગ્રંથો પવિત્ર ધર્મ ગ્રંથો છે, તે દેવાધિષ્ઠિત હોય છે. તેથી ધર્મગ્રંથોનું અવમૂલ્યન ન થાય, તે માટે સ્થાનશુદ્ધિ અને કાળશુદ્ધિ પણ જરૂરી છે.




જ્ઞાનના 14 અતિચારોમાં બે અતિચાર સ્થાન શુદ્ધિ સંબંધિત, બે અતિચાર કાળ શુદ્ધિ સંબંધિત, બે અતિચાર પાત્રતા સંબંધિત છે. શેષ અતિચારો ઉચ્ચારણ સંબધિત, ચિત્તચંચળતા, અવિનયભાવ આદિ સંબંધિત છે.

જેમ શત્રુથી બચવું હોય, તો શત્રુ કોણ છે, ક્યાં છે? વગેરે જાણકારી જરૂરી છે, તેમ અતિચારોનું સ્વરૂપ યથાર્થ રૂપે જાણવું જરૂરી છે. જો યથાર્થ રૂપે જાણીએ, તો જ તેનો ત્યાગ થઇ શકે છે. તેથી દરેક અતિચારો માત્ર જાણવા યોગ્ય છે, આચરવા યોગ્ય નથી.

અતિચાર રૂપ દોષસેવનના ત્યાગથી વ્રતની શુદ્ધિ થાય છે.

આ રીતે આ પાઠ જ્ઞાનારાધનાની પદ્ધતિ તથા જ્ઞાનના અતિચારોને સમજાવીને તીર્થંકરોની વાણીની બહુમૂલ્યતાને પ્રદર્શિત કરે છે.

## અપેક્ષિત પ્રશ્નો

1. **અતિચારને શા માટે જાણવા જોઈએ ?**
2. **જ્ઞાન ભણવાની પદ્ધતિ કઈ ?**
3. **જ્ઞાનના અતિચારોંમાં કાળ સબંધી અતિચાર કેટલાં ?**
4. **વ્રતની શુદ્ધિ શેનાથી થાય ?**
5. **સ્વાધ્યાય માટે સ્થાનશુદ્ધિની શું જરૂર છે ?**







# પાઠ - 5 દર્શનના અતિચાર

આ પાઠમાં મોક્ષમાર્ગના અનિવાર્ય અંગરૂપ સમ્યગ્ દર્શનની મહત્તા, પ્રાપ્ત થયેલા સમ્યગ્ દર્શનને ટકાવી રાખવા માટે સાધક અને બાધક તત્ત્વો તથા તેના પાંચ અતિચારનું કથન છે.

**સમ્યગ્ દર્શનઃ-** સુદેવ, સદ્ગુરુ અને સદ્ધર્મની શ્રદ્ધા, તે સમ્યગ્ દર્શન છે. અરિહંત અને સિદ્ધ વીતરાગી સર્વજ્ઞ મારા દેવ છે. પંચ મહાવ્રતધારી નિર્ગ્રંથ સાધુ-સાધ્વીજીઓ મારા ગુરુ છે અને કેવળી પ્રરૂપિત અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ મારો ધર્મ છે. આ ત્રણ તત્ત્વની દ્રઢ શ્રદ્ધા સમકિત, સમ્યક્ત્વ કે સમ્યગ્ દર્શન છે

**સમ્યગ્ દર્શનના પોષક તત્ત્વઃ-** જીવને એકવાર શ્રદ્ધા પ્રગટ થઇ જાય પરંતુ પ્રગટ થયેલી શ્રદ્ધાને ટકાવી રાખવા માટે સાધકે સતત સાવધાન રહેવું જોઇએ. તેના માટે સૂત્રકારે બે પોષક તત્ત્વનું કથન કર્યું છે.

**1. પરમત્થ સંથવો, 2. સુદિટ્ઠ પરમત્થ સેવણા.**



1. સાધકે પરમ અર્થને પ્રગટ કરનાર ગુરુ કે શાસ્ત્રનો વારંવાર પરિચય કરવો. તેમાંથી પ્રાપ્ત થતી પ્રેરણાથી તેની શ્રદ્ધા દ્રઢ બને છે.

2. જેણે પરમાર્થને સારી રીતે જાણ્યો છે, માણ્યો છે, તેવા અનુભવી ગુરુ ભગવંતોની સેવા પર્યુપાસના કરવાથી પણ શ્રદ્ધા દ્રઢ બને છે.



**સમ્યગ્ દર્શનના બાધક તત્ત્વઃ-** જેમ કુસંગ વ્યક્તિની બુદ્ધિને બગાડે છે તે જ રીતે બાધક તત્વો સમ્યગ્ દર્શનને અશુદ્ધ બનાવે છે. સૂત્રકારે તેવા બે બાધક તત્વોનું કથન કર્યું છે.

1, વાવન્ન 2, કુદંસણ વજ્જણા

જેઓ જ્ઞાન, દર્શન કે ચારિત્રથી ભ્રષ્ટ થયા

છે અર્થાત્ પતિત થયા છે, તેવી વ્યક્તિઓ તથા કુદેવ, કુગુરુ કે કુધર્મને માનનારા મિથ્યાત્ત્વીઓનો સંગ ન કરવો જોઇએ.

સંગ તેવો રંગ. તે ન્યાયે કુદર્શની વ્યક્તિઓનો સંગ શ્રદ્ધાને ચલિત કરે છે. તેથી સાધકે પોતાની શ્રદ્ધાને ટકાવી રાખવા તેનો ત્યાગ કરવો જોઇએ.




## સમ્યગ્ દર્શનના પાંચ અતિચાર છે...

- શ્રદ્ધાનું ફળ ક્યારેક પ્રગટપણે ન જણાય, ત્યારે સાધકને તદ્ વિષયક શંકા વગેરે થઇ શકે છે.
- બીજા ચમત્કારો વગેરે જોઇને તેનું આકર્ષણ થાય.
- સ્વયંની સાધનાના ફળવિષયક સંદેહ થાય.
- અન્ય દાર્શનિકોનો પરિચય કરવાનું મન થાય.
- તેની પ્રશંસા થાય.

ઉપરોક્ત પ્રવૃત્તિઓ ધીરે-ધીરે શ્રદ્ધાને ખંડિત કરે છે, તેથી સાધકે આ અતિચારરૂપ પ્રવૃત્તિનો સદંતર ત્યાગ કરવો જોઇએ.

આ રીતે આ પાઠ સાધકની સાધનાના પાયાને મજબૂત બનાવે છે.

## અપેક્ષિત પ્રશ્નો

**1. સમ્યગ્ દર્શન એટલે શું ?**
**2. સમ્યગ્ દર્શનને ટકાવી રાખવા શું કરવું જોઈએ ?**
**3. વાવન્ન એટલે શું ?**
**4. સ્વર્ગ કે નરકના વિષયમાં શકાં કરવાથી ક્યો અતિચાર લાગે ?**
**5. કુદર્શનીનો સંગ શા માટે ન કરવો જોઈએ ?**

**एवमेयं भंते,**
**तहमेयं भंते,**
**अवितहमेयं भंते**

**હે ભંતે !**
**આપે જે કહ્યું કે છે તે સત્ય છે. મને યથા તથ્ય સ્પર્શ થઈ રહ્યો છે. આ નિર્ગન્થ વાણી પર હું પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ કરું છું.**

# વિભાગ - 2 સામાન્ય સમજણ વિભાગ

## ગૃહસ્થ જીવનમાં જતના

### જતના એટલે શું ?

1. જતના એટલે વિવેક. પાપકર્મનો બંધ ન થાય, તેનો વિવેક.
2. જતના એટલે જીવદયાનું લક્ષ.
3. જતના એટલે જગતજીવો પ્રતિ દયાનો કે અનુકંપાનો ભાવ.
4. જતના એટલે પાપમય સંસારમાં રહેતા ગૃહસ્થો માટે પાપથી બચવાનો અમોઘ ઉપાય.
5. જતના એટલે પાપ પ્રવૃત્તિઓની વચ્ચે રહીને પાપથી નિર્લેપ રહેવાની શિક્ષા.

ગૃહસ્થો પોતાના પ્રત્યેક કાર્યો વિચારપૂર્વક અને વિવેકપૂર્વક કરે, તે જ તેની મહત્ત્વપૂર્ણ સાધના છે. તે પ્રત્યેક ક્ષણે પાપનો વિચાર કરીને પગલું મૂકે છે. પાપભીરૂતા તે શ્રાવકનો એક ગુણ છે, શ્રાવક પાપ કરતાં ડરે છે.

પાપ કરવું પડે તો રડતાં હૃદયે કરે છે. અને પાપ થઈ જાય, તો તેનો પશ્ચાતાપ કરે છે.

Make a list - શ્રાવક પોતાની દૈનિક પ્રવૃત્તિ વિષે વિચારે કે સવારથી સાંજ સુધી ક્યા ક્યા કાર્ય કરીએ છીએ, તે કેવી રીતે કરીએ છીએ, તેમાં ક્યા જીવોને કેવી કેવી રીતે દુઃખ પહોંચે છે? તેનું એક list બનાવે, આ રીતે સ્વ આત્મ નિરીક્ષણ કરે. ત્યાર પછી તેમાંથી ક્યા પાપથી હું છૂટી શકું તેમ છું, તેના માટે સ્વયં સજગ અને સાવધાન બની જાય છે.

**દા.ત. – સ્નાનની ક્રિયા**


- સવારે જ્યારે સ્નાન કરીએ ત્યારે વિચાર કરીએ કે – કેટલું પાણી વપરાયું, તેમાં અસંખ્યાત જીવોની હિંસા થઈ છે, તે સાબુવાળું પાણી ગટરમાં જશે, ગટરમાં નાના-નાના કેટલાં બધાં જીવો હોય. તેની આંખમાં સાબુ જશે તો તેમને કેટલી બધી તકલીફ થશે ? તેને કેટલી પીડા થશે ?
- નાહ્યા પછી પશ્ચાતાપ થાય કે - હું સંસારમાં છું, એટલે કેટલા બધાં પાપ કરવા પડે છે !
- હું જેટલું પાણી વાપરું છું, તેમાં ઓછામાં ઓછું એક tumbler પાણી ઓછું વાપરીશ.

• અઠવાડિયામાં બે-ત્રણ દિવસ સાબુનો ત્યાગ કરીશ.
• અઠવાડિયામાં એકાદ દિવસ સ્નાન ત્યાગ કરીશ.
• હવે ઓછામાં ઓછી જીવહિંસા થાય, એવી રીતે હું મારા કાર્ય કરીશ.
• ભગવાને કહ્યું છે બધાં જીવો મારા જેવા છે. મારા મિત્ર છે.
• હું જીવમાત્રની - મારા મિત્રની ખૂબ care કરીશ. ખૂબ પ્રેમપૂર્વક તેઓનું ધ્યાન રાખીશ.

આ રીતે આપણી day-to-day lifeમાં દરેક પ્રવૃત્તિ ધ્યાન રાખી જતનાથી કરવી જોઈએ.

## જતનાના ઉપકરણ :

- **ગરણું:** પાણી ગાળવા માટેનું કપડું.
- **સાવરણી :** ઘરમાં કચરો વાળવા માટે soft સાવરણી.
- **પૂંજણી :** જીવોની જતના માટે soft touch વાળા jute, nylonના ગુચ્છા.
- **નળનું ગરણું :** પાણી ગાળવા માટેનું નળ પર બાંધવાનું કપડાંનું ગરણું.
- **ચાળણી :** અનાજ, લોટ, મસાલા વગેરે ચાળવાની ચાળણી.
- **ગેસ બર્નરના ઢાંકણ :** રાત્રે નાના જીવો ગેસ બર્નરમાં આશ્રય ન લે માટે તેને ઢાંકવાના ઢાંકણ.



## જતના કેવી રીતે કરી શકાય ?

• સવારે ઊઠીને ઘરનું કામકાજ શરૂ કરતા પહેલાં અવશ્ય ઝાડુ કાઢવું.
• ગેસ, પ્રાઈમસ વગેરે પોંજીને જ ચાલુ કરવા, જેથી તેમાં કુંથુવા વગેરે સૂક્ષ્મ જીવો રહ્યાં હોય તો તેમની દયા પાળી શકાય.
• રાત્રે ગેસ બર્નરને ઢાંકણથી ઢાંકી દેવા, જેથી નાના-નાના જીવો તેમાં બેસતા નથી. તેથી તે જીવોની રક્ષા થઈ શકે છે.
• Brush કરતી વખતે નળ ખુલ્લો ન રાખવો. આ રીતે પાણીના જીવોની જતના કરી શકીએ.
• સ્નાન કરતી વખતે showerનો use ન કરતા, bucketમાં પાણી ભરી વાપરવું જોઈએ.

- પીવા માટે જેટલું પાણી જોઈતું હોય તેટલું જ લેવું. વધારે પાણી લઈ ને waste ન કરવું જોઈએ.
- Servantને પણ વાસણ સાફ કરતી વખતે નળ ખુલ્લો ન રાખવા કહેવું જોઈએ.
- નાસ્તો કરતી વખતે કે જમતી વખતે એક જ જગ્યાએ બેસીને, ઢોળાય નહીં તે રીતે વાપરવું અને ઢોળાય તો તરત જ સાફ કરી લેવું, જેથી કીડી વગેરે જીવો એના પર આવીને આપણા પગ નીચે દબાઈ ન જાય.
- જેટલું ખાઈ શકીએ તેટલું જ ભોજન લેવું. Extra લઈને waste ન કરવું. જેનાથી વનસ્પતિકાયના જીવોની જતના કરી શકાય.
- Chocolate, ice-cream વગેરે ખાઈ ને તેના wrapper જ્યાં-ત્યાં ન ફેંક્તા dustbin માં ફેંકવા. જેથી એના પર કોઈ insect આવી જાય તો આપણા પગ નીચે ન આવે.
- છીંક આવે, ખાંસી આવે, ઓડકાર કે બગાસું આવે ત્યારે મોઢું રૂમાલથી અથવા હાથ રાખીને cover કરવું. જેનાથી વાયુકાયના જીવોની રક્ષા કરી શકીએ.
- સાંજે window બંધ કરી દેવી, જેથી મચ્છર ઘરની અંદર ન આવે.
- ઘરના windows અને doors ખોલતી વખતે અને બંધ કરતી વખતે check કરવું, કોઈ ગરોળી કે બીજા જીવ તો નથી ને.
- ઘરમાં cockroach, spider કે ant થઈ ગઈ હોય તો જતનાપૂર્વક ગુચ્છાથી કોઈ proper place પર મૂકી દેવા, જ્યાં તે જીવો hurt ન થાય.
- Light, Fan, T.v., computer, mobile વગેરે જરૂર ન હોય તો બંધ રાખવા.
- ચપ્પલ પહેરતા પહેલાં કોઈ જીવ તો નથી ને તે check કરી લેવું.
- ઘરમાં થોડા-થોડા દિવસે સફાઈ કરતા રહેવું.
- Bookshelf, કબાટ, toys basket વગેરે સાફ રાખવા, જેથી કોઈ જીવ ઉત્પન્ન ન થાય.
- કાર start કરતા પહેલાં એક વાર check કરવું કે, કોઈ જીવ carની નીચે (cat/dog) છે કે નહીં.
- કોઈ પણ પ્રાણી (animal)ને pet તરીકે રાખવાના શોખ કરવા નહીં. તેમને તેમના family અને ઘરથી દૂર કરી આપણે તેમને દુ:ખી કરવા ન જોઈએ. (પ્રાણીઓ જ્યાં રહે તે તેમનું ઘર કહેવાય)
- કોઈ પણ animal સૂતું હોય કે feed કરતું હોય ત્યારે તેની બાજુમાંથી પસાર થઈએ, ત્યારે ધીરેથી જતા રહેવું, જેથી તેમને disturb ન થાય.
- રસ્તામાં puddle - ખાબોચિયામાં stamp - છબછબિયાં ન કરવા.
- ઘાસ પર ચાલવું નહીં.

- રસ્તામાં ચાલતી વખતે કે gardenમાં ફૂલ, ઝાડ-પાન તોડવા નહીં.
- ચાલતી વખતે નીચે જોઈને ચાલવું, જેથી કોઈ જીવ પગ નીચે આવે નહીં.
- આપણાં બોલવાથી પણ કોઈને hurt ન થાય, એવી ભાષા બોલવી.
- Businessમાં ન્યાય, નીતિ અને પ્રામાણિકતાનું ધ્યાન રાખવું. જેમાં અલ્પ હિંસા થાય, અસત્ય કે સરકારની ચોરી ન કરવી પડે, તેવાં business કરવા.
- નોકર-ચાકર સાથે family member જેવો વ્યવહાર કરવો.
- સત્તા કે સંપત્તિ માટે cheating કરવી નહીં.
- નિઃસ્વાર્થ અને પરોપકારમય જીવન જીવવું.
- જીવનની આવશ્યકતાઓ ઘટાડવી, સંતોષવૃત્તિ કેળવવી.
- રોજ દરેક ક્રિયા કરતી વખતે ખૂબ જ જતનાથી કરવી, જેથી કોઈ જીવને hurt ન થાય.

## જતનાથી થતાં લાભઃ-

- જતના આપણા હૃદયને પણ soft બનાવે છે. જેનું હૃદય soft હોય, તેના હૃદયમાં પ્રભુ પધારે છે.
- જીવોની જતના કરવાથી શાતાવેદનીય કર્મનો બંધ થાય છે તેનાથી આપણને અનુકૂળ સંયોગો મળે છે અને શાતા મળે છે.
- દરેક જીવ પ્રત્યે મૈત્રી ભાવ જાગે છે.
- કોઈ પણ કાર્ય જતનાથી કરવાથી નિકાચિત કર્મ બંધાતા નથી.
- જતના કરવાથી અનર્થકારી-બીનજરૂરી અનેક પાપોથી બચી શકાય છે.
- જતના રાખવાથી દીર્ઘ આયુષ્યનો બંધ થાય છે.

## અપેક્ષિત પ્રશ્નો

**1. જતના એટલે શું ?**
**2. જતનાના ઉપકરણ ક્યા ક્યા છે ?**
**3. દરેક જીવ માટે મારો વ્યવહાર કેવો હોવો જોઈએ ?**
**4. પાણીના જીવોની જતના કેવી રીતે કરી શકાય ?**
**5. જીવોની જતના કરવાથી શું લાભ થાય છે ?**
**6. ઘરની બહાર જઈએ ત્યારે કેવી રીતે જતના રાખી શકાય ?**
**7. ઘરમાં જીવોની ઉત્પત્તિ ન થાય તેની માટે શું કરવું જોઈએ ?**

# સફળતાની ચાવી




જીવનમાં બધાને દરેક field (ક્ષેત્ર)માં સફળતા જોઈતી હોય છે. તો એવું શું કરીએ કે દરેક જગ્યાએ સફળ થઈએ ?

આપણે સૌ lucky છીએ કે, આપણને પ્રભુનો ધર્મ મળ્યો છે. પ્રભુએ આપેલી સમજ મળી છે. જીવનમાં સદ્ગુણોને ખીલવીએ અને સફળ બનીએ.

## તેના મુખ્ય ઉપાય આ પ્રમાણે છે -

**(1) શ્રદ્ધા (Faith) :** પ્રભુએ જે કહ્યું છે તે જ સત્ય છે, એવી અતૂટ શ્રદ્ધા હોવી જોઈએ. દેવ, ગુરુ અને ધર્મ પર શ્રદ્ધા આપણને right track પર લઈ જાય છે. આપણને ખોટાં રસ્તે જતા અટકાવે છે. મને જે મળે છે, જેટલું મળે છે, જ્યારે મળે છે અને જેવું મળે છે, તે મારા કર્મ પ્રમાણે જ મળે છે, તેવી કર્મ સિદ્ધાંતની અતૂટ શ્રદ્ધા સફળતાના દ્વાર ખોલે છે.

**(2) દેવ, ગુરુ અને ધર્મના ઉપકારની અનુભૂતિ :** આપણને જે શ્રેષ્ઠ મળ્યું છે તે આ વિશ્વના બહુ ઓછા લોકોને મળે છે. આ છે... સાચી સમજ.

તે માટે દેવ, ગુરુ અને ધર્મ માટે અત્યંતપણે ઉપકારની અનુભૂતિ કરવી જોઈએ. મને મનુષ્ય જન્મ, જિનશાસનની પ્રાપ્તિ, સદ્ગુરુનો યોગ કે સચોટ માર્ગદર્શન મળ્યું છે, તે દેવ-ગુરુની કૃપાનું જ ફળ છે, તેવી સતત અનુભૂતિ કરવી.

**(૩) માતા-પિતાના ઉપકારની અનુભૂતિ :** આપણને જન્મ આપનાર, સંસ્કારોનું સિંચન કરનાર, બધી જરૂરિયાત પૂર્ણ કરનાર માતા-પિતાના ઋણને ક્યારેય આપણે ચૂકવી શકીએ નહીં. તેમના ઉપકાર અગણિત છે. તેમના ઉપકારોને યાદ કરી તેમને રોજ Thank you કહેવું જોઈએ.

ઉપકારની અનુભૂતિથી ego zero થાય અને નમ્રતા પ્રગટે છે.

**(4) સકારાત્મકતા :** હંમેશાં positive thinking રાખવી જોઈએ. Positive attitude આપણને આગળ વધવા માટે motivate કરે છે. કોઈ પણ situation

હોય, આપણે તેને સારી રીતે handle કરી શકીએ છીએ.

**(5) નિયમિતતા :** જીવનમાં નિયમિતતા હોવી જોઈએ. દરેક કાર્ય સમયસર કરવું જોઈએ. એક ક્ષણ પણ વેડફવી ન જોઈએ. ગયેલો સમય ક્યારેય ફરી પાછો આવતો નથી. સમયનું importance સમજીને, આળસ છોડી કાર્ય કરવું જોઈએ.

**(6) મજબૂત મનોબળ :** જો આપણું મન strong હોય, will power strong હોય તો આપણે difficult લાગતું કાર્ય પણ easily કરી શકીએ છીએ. Everest પણ ચઢી શકીએ અને માસક્ષમણ પણ કરી શકીએ. ગમે એટલી difficult exam હોય, એ પણ પાસ કરી શકીએ.

**(7) દ્રઢ સંકલ્પ :** જો કોઈ પણ કાર્ય કરવાનો દઢ સંકલ્પ કરવામાં આવે તો એ કાર્ય અવશ્ય સફળ થાય છે. સંકલ્પ સિદ્ધિ અપાવે છે. સંકલ્પમાં એટલી તાકાત છે.

**(8) શિસ્ત :** Disciplineથી કરેલું કાર્ય ઓછા સમયમાં અને વ્યવસ્થિત રીતે પાર પડે છે. કારણ કે, એમાં rework કરવું પડતું નથી અને એનું ખૂબ સુંદર result આવે છે.

**(9) ધીરજ :** જીવનમાં ધીરજ (Patience) રાખવી જરૂરી છે. ઉતાવળથી કરેલું કોઈ પણ કાર્ય બગડી શકે છે. દરેક કાર્યની સફળતા માટે ધીરજ રાખવી જોઈએ. ધીરજના ફળ મીઠાં હોય છે.

**(10) Planning :** કોઈપણ કાર્ય proper planning સાથે અને વિચારપૂર્વક કરવું જોઈએ. જેથી આપણે આગળ શું કરવાનું છે, તે પહેલેથી ખબર હોય. જરૂરી arrangements આપણે કરી શકીએ છીએ અને સમય પણ બચે છે. કાર્ય નાનું હોય કે મોટું, દરેક કાર્યને એટલું જ મહત્ત્વ આપવું. ક્યારેક નાનું લાગતું કાર્ય પણ મહત્ત્વનું હોય છે. નાની એવી ભૂલથી મોટું નુકશાન થઈ શકે છે. માટે દરેક કાર્ય પર ધ્યાન આપવું.

**(11) વિવેક :** દરેક કાર્યમાં વિવેક રાખવો જોઈએ. વિવેક એટલે જે સમયે જે યોગ્ય હોય તે કાર્ય કરવું. પરિસ્થિતિ અને સમય અનુસાર કોઈ પણ વાતની પક્કડ રાખ્યા વિના કાર્ય કરવું જોઈએ.

**(12) વિનય :** વિનય ધર્મનું મૂળ છે. સફળતાની સીડી છે. Respectથી (વિનયથી) દરેક જગ્યા એ success મળે. વિનયથી કરેલું દરેક કાર્ય સહજતાથી થઈ જાય અને સફળ પણ થાય. દરેક વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિનો વિનય કરવો જોઈએ.

એક વિનય ગુણથી બીજા અનેક ગુણો પ્રગટે છે. વિનયવાન હોય તેને ત્યાં જ

સંપત્તિ ટકે છે.

**(13) વડીલોની, ગુરુજનોની સેવા :** સફળતાનું તાળું ત્યારે જ ખૂલે, જ્યારે ગુરુજનોના અને વડીલોના આશિષ હોય. માટે હંમેશા ગુરુજનોને અને વડીલોને પ્રસન્ન રાખવા પ્રયત્ન કરવો.

ઉપરોકત ઉપાયો અજમાવવાથી આપણા દરેક કાર્યમાં સફળતા મળે છે.

દેવાનુપ્રિયો, સફળતાની ચાવીઓ તમારા હાથમાં આપી દીધી છે. સમયે-સમયે તેનો ઉપયોગ કરતાં રહેજો.

જો, જો ! ધ્યાન રાખજો ! આ ચાવીઓ ખોવાઈ ન જાય.



# કંદમૂળનું સ્વરૂપ



**કંદમૂળ એટલે શું ? તે શા માટે ન વાપરવા જોઈએ ?**

કંદમૂળ અનંતકાય છે. અનંતકાય એટલે શરીર એક હોય અને એક શરીરમાં જીવો અનંત હોય. બટેટા, ડુંગળી, લસણ, ગાજર, આદુ, મૂળા, સલગમ, સુરણ વગેરે કંદમૂળ છે. તેમ જ ફણગાવેલા કઠોળમાં જે ફણગા ફૂટે છે, તે અનંતકાયિક છે.

ભગવાન મહાવીરે કેવળજ્ઞાનમાં જોયું અને જાણ્યું છે કે કંદમૂળના ઝીણામાં ઝીણા ટુકડામાં એટલે કે એક સોય (needle)ની અણી ઉપર રહે તેટલા ભાગમાં અનંત (infinite) જીવો હોય છે. આવા કંદમૂળનો એક નાનો ટુકડો ખાવો, એટલે આ બધા અનંત જીવોનો નાશ. માત્ર જીભના સ્વાદ માટે અનંત જીવોને કચડી નાખવું એ બિલકુલ યોગ્ય નથી. જેવો મારો જીવ છે, તેવો સહુનો જીવ છે. મને વેદના થાય છે, તેમ દરેક જીવને વેદના થાય છે. કંદમૂળમાં સૌથી વધારે હિંસા થાય છે માટે ભગવાને કંદમૂળ ખાવાની ના પાડી છે.

આપણે ખાવા માટે જીવીએ છીએ કે જીવવા માટે ખાઈએ છીએ ? એના પર વિચાર કરવો જોઈએ... જીવન જીવવા માટે ખાવું જરૂરી છે. પણ આપણો આહાર એવો હોય કે જેનાથી ઓછામાં ઓછા જીવોને વેદના થાય.

Potato chips, garlic bread, ગાજરનું juice વગેરે કંદમૂળમાંથી બનતી વસ્તુઓ જીભને સ્વાદિષ્ટ લાગે છે, પણ તે અનંત જીવોની વેદનાનો વિચાર આપણે કર્યો છે? ભગવાને કહ્યું છે કે, જે વેદના આપણે બીજાને આપીએ, તેવી વેદના આપણે પણ ભોગવવી જ પડે છે. થોડી વારના જીભના સ્વાદ માટે અનંત જીવોને વેદના આપવી શું એ યોગ્ય કહેવાય ???

તમને ખબર છે... આપણે એક શ્વાસ લઈએ અને છોડીએ, એટલી વારમાં તેમના 17.5 (સાડા સત્તર) વાર જન્મ-મરણ થઈ જાય. જન્મ-મરણની અનંતી વેદના આ જીવો ભોગવી રહ્યા છે. આવા જીવો માટે અનુકંપા લાવીએ અને કંદમૂળનો ત્યાગ કરીને ભયંકર પાપથી બચીએ.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ કંદમૂળ એ તામસી ખોરાક ગણાય છે. જે વાપરવાથી આપણી અંદર વિકારવૃત્તિ વધે છે, કષાય વધે છે, ગુસ્સો વધે છે, માટે કંદમૂળનો ત્યાગ કરવા યોગ્ય છે.

# લૌકિક તથા લોકોત્તર પર્વ

પર્વ એટલે તહેવાર. સામાન્ય દિવસો કરતાં કંઇક અલગ દિવસ. કોઇ ઘટનાને અનુલક્ષીને, યાદ કરીને, બધાં આનંદથી ઉજવણી કરે તેને પર્વ કહેવાય.

તે બે પ્રકારના છે. 1. લૌકિક પર્વ 2. લોકોત્તર પર્વ.

શું ફરક છે બંનેમાં... આવો જોઇએ!

| **લૌકિક પર્વ** | **લોકોત્તર પર્વ** |
| --- | --- |
| 1. જન સામાન્ય બધાં ઉજવે. | 1. વિશેષ લોકો ઉજવે. |
| 2. ઈન્દ્રિયજન્ય આનંદથી ઉજવણી થાય. | 2. તપ-ત્યાગ કરવામાં આવે. |
| 3. દેખાદેખીથી, પરંપરા મુજબ ઉજવવામાં આવે. | 3. ભગવાનના ઉપદેશ અને આદેશ મુજબ ઉજવવામાં આવે. |
| 4. જલસા કરવામાં આવે. | 4. જીવદયા પળાય. |
| 5. આત્માને કર્મબંધ દ્વારા અશુદ્ધ બનાવે. | 5. આત્માને કર્મક્ષય દ્વારા શુદ્ધ બનાવે |
| 6. જે ભવભ્રમણ વધારે. | 6. જે ભવભ્રમણ ઘટાડે. |

આવો! આપણે જોઇએ - થોડા લૌકિક પર્વ અને લોકોત્તર પર્વ.

## લૌકિક પર્વઃ-

**1. હોળી** - જે વનસ્પતિકાયનું શરીર છે, તેવા લાકડાઓને બાળી, તેમાં અન્ય વનસ્પતિકાયના શરીરવાળા ફૂલ, શ્રીફળ વગેરે હોમી, સાથે હવામાં ઉડતા તથા જમીન પર ચાલતાં નાના જીવજંતુઓ પણ હોમાઇ જાય, તેવી અગ્નિ પ્રગટાવી પર્વ ઉજવવામાં આવે.




વનસ્પતિના શરીરોને કાપી, બાળી, મારી, અસંખ્યાત જીવોને દુઃખ પહોંચાડી શું આપણે સુખી થઇ શકીએ?

**2. ધૂળેટી** - ધૂળેટીના દિવસે કેટલાં પાણીનો બગાડ! એકબીજાને રંગવામાં આવે, colour વાળા પાણીની પિચકારીઓ છોડાય, મજાક મસ્તી કરે.

પાણીના એક ટીપામાં શ્રી ભગવંતે અસંખ્યાત જીવો કહ્યાં છે. Colourની પિચકારીઓ તૈયાર કરવામાં અને પછી રંગાયેલા શરીરને ચોખ્ખું કરવામાં કેટલાં બધાં પાણીનો વ્યય થાય છે. પાણીના કેટલાં બધા જીવો મરી જાય છે. અસંખ્યાત જીવોને મારી, દુઃખ પહોંચાડી શું આપણે સુખી થઇ શકીએ ? દુનિયાનો નિયમ છે કે- **'જેવું આપશો, તેવું મળશે'** તો તેના બદલામાં આપણને શાતા મળશે કે અશાતા મળશે ? અશાતા જ મળશે. એ બિચારા જીવો આપણા ક્ષણિક આનંદ માટે કેટલી પીડા ભોગવે અને છેલ્લે મરી જાય.

**3. 31મી ડિસેમ્બર** - રાત્રે મોડું સૂવું, દારુ પીવો, જલસા કરવા, ફટાકડા ફોડવા વગેરે કરવામાં આવે. ફટાકડાઓના અવાજથી અબોલ પક્ષીઓ ઉડાઉડ કરવા લાગે. પશુઓ, નાના બાળકો ડરી જાય, નાના જીવજંતુઓ મરી જાય.



શું નવા વર્ષની ઉજવણી અન્ય જીવોને દુઃખ પહોંચાડી આપણે કરી શકીએ !

**4. ઉત્તરાયણ એવમ્ અન્ય પર્વો** - આપણી પતંગ ઉડાડવાની મજા અન્ય કેટલાં પક્ષીઓ માટે સજા બની જાય છે. ક્યારેક તો મનુષ્યના ગળા પણ ચીરાઇ જાય છે. ધર્મના નામે બધાંના કાન ફાટી જાય તેવા અવાજ. રાત્રે મોડે સુધી lights ચાલુ રાખવામાં આવે. એમાં કેટલાંય ઉડતાં જીવો ઉત્પન્ન થઇ મરી જાય. ક્યારેક આખો દિવસ રસોડું ધમધમે અને બીજે દિવસે વાસી ખોરાક ખાવામાં આવે. અમૂક પર્વમાં દૈવી શક્તિની પૂજા અર્ચનાના બદલે નાચવા કૂદવામાં આવે. આ બધાંમાં કેટલી બધી જીવહિંસા થાય. દિપાવલી જેવા પાવન દિવસો દરમ્યાન પણ ફટાકડા, જુગાર, દારુ આદિ દ્વારા પર્વ મનાવવામાં આવે છે.



આ રીતે આપણે થોડા લૌકિક પર્વ વિશે જાણ્યું અને જોયું કે - એ પર્વો ઉજવવામાં, ક્ષણિક આનંદ પ્રાપ્ત કરવામાં, મનુષ્યો કેટલી બધી જીવહિંસા કરે છે અને અશાતા વેદનીય આદિ અશુભ કર્મોનો બંધ કરે છે. કોઈ પણ જીવોને દુઃખ

પહોંચાડી શું આપણે આનંદ માણવો જોઈએ !

આપણા કેવળજ્ઞાની ભગવંતોએ આપણને કેટલાં સરસ પર્વ બતાવ્યા છે. જેમાં જીવ હિંસા નહીં પણ જીવદયા પળાય છે. આવો જોઇએ આપણા લોકોત્તર પર્વ.

## લોકોત્તર પર્વઃ-

**1.પર્યુષણ પર્વ** - આઠ દિવસનું પર્વ - જેમાં વ્યક્તિ પૂજ્ય સંત-સતીજીઓના વ્યાખ્યાન શ્રવણ કરીને માર્ગદર્શન પામે છે અને પોતાની ભોગવિલાસ વૃત્તિને controlમાં લાવે છે. જેટલો થાય એટલો આહાર ત્યાગ, સ્નાન ત્યાગ, રાત્રિ ભોજન ત્યાગ, વનસ્પતિનો ત્યાગ વગેરે દ્વારા પાણીના, વનસ્પતિના, ત્રસકાયના જીવોને અભયદાન આપવામાં આવે છે. મૌન રાખવામાં આવે છે. ધર્મ આરાધના જ થાય છે. જીવહિંસા નહીં, પણ જીવરક્ષાના કાર્યો થાય છે. અપશબ્દ બોલાતાં નથી, પણ ક્ષમા માંગવામાં આવે છે. મજાક- મસ્તી નહીં, પણ પ્રભુ ભક્તિ થાય છે. વિવિધ પ્રકારના આહારનો સ્વાદ નહીં, પણ આહાર આસકિતનો ત્યાગ થાય છે. પાણીનો બગાડ નહીં પણ પાણીની બચત થાય છે. એકબીજાને colourથી નહીં, પણ ક્ષમાના ભાવોથી ભીંજવવામાં આવે છે. અંધારું થતાં lightsનો પ્રકાશ નહીં, પણ પ્રતિક્રમણ દ્વારા આત્મ-વિશુદ્ધિનો પ્રકાશ પ્રસરાવવામાં આવે છે. કર્મો ભેગા કરવામાં નહીં, પણ કર્મોનો નાશ કરવામાં આવે છે.

**2. સંવત્સરી પર્વ-** પર્યુષણનો છેલ્લા દિવસને સંવત્સરી કહેવાય છે. તે આપણો સહુથી શ્રેષ્ઠ તહેવાર છે. જૈનકુળમાં જન્મેલી દરેક વ્યક્તિ સંવત્સરી પર્વની આરાધના કરે છે. આહારનો control, રસોડું બંધ અને કષાયો મંદ. ઘરને સાફ કરવાને બદલે આલોચના પ્રતિક્રમણ દ્વારા આત્મઘરની સફાઇ કરવામાં આવે.

**3. આયંબિલ ઓળી-** આ પર્વ નવ દિવસનું હોય છે. તેમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ આ નવ પદની આરાધના થાય છે. નવ દિવસ આયંબિલ તપ કરવામાં આવે છે. રસથી પરિપૂર્ણ સ્વાદિષ્ટ નહીં, પણ લુખ્ખો-સૂકો, સ્વાદવિહીન આહાર કરવામાં આવે. ગુણાનુરાગી બની ગુણોની આરાધના કરવામાં આવે. જપ અને તપ કરવામાં




આવે. આહારની આસક્તિ છોડી અણાહારકતાના ભાવો કેળવવામાં આવે.



**4. કલ્યાણક –** તીર્થંકરોના ચ્યવન, જન્મ, દિક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ આ પાંચે ઘટનાઓ સ્વ-પરના કલ્યાણનું કારણ હોવાથી તેને કલ્યાણક કહેવાય છે. તીર્થંકર પરમાત્માના happy birthday ને જન્મ કલ્યાણક કહે છે. તેની ઉજવણી દ્વારા પ્રભુ પ્રત્યે પ્રીતી દર્શાવાય, તેમનું નામ સ્મરણ કરાય, તેઓ પ્રત્યેના અહોભાવ, ભક્તિભાવથી હૃદય પુલકિત બને, અનંતા કર્મોનો ક્ષય થાય અને અનંત પુણ્ય બંધાય. ઉત્કૃષ્ટ ભાવ આવે તો તીર્થંકર નામ કર્મનો બંધ થઈ જાય. આ રીતે પાંચે કલ્યાણકોની ઉજવણી ભક્તિ ભાવથી થાય છે.



**5. દિપાવલી પર્વ-** જૈનો દિપાવલી પર્વને પ્રભુ મહાવીર નિર્વાણ કલ્યાણક રૂપે ઉજવે છે. તેથી તે દિવસોની ઉજવણી વિશિષ્ટ ધર્મારાધનાથી કરે છે. ન રોશની, ન ફટાકડા, ન ફરસાણ, ન મિષ્ટાન. એના બદલે ઉપવાસ, પૌષધ, છટ્ઠ, અટ્ઠમની આરાધના. સત-કાર્યો દ્વારા પુણ્યની રોશની અને ફટાકડાની બદલે પ્રભુભક્તિ દ્વારા કર્મોના કડાકા. રાત્રે ભગવાનનું નામ સ્મરણ અને ગુણ સ્મરણ. કર્મોનો ક્ષય, ક્ષય અને ક્ષય.



**6. નૂતનવર્ષ -** ગણધર ગૌતમસ્વામી કેવળજ્ઞાન પ્રાગટ્ય દિન છે, તેથી તે દિવસે લબ્ધિ નિધાન ગણધર ભગવંત ગૌતમસ્વામીને યાદ કરીએ, એમના જાપ જપીએ, રાત્રે વહેલાં સૂઇ, સવારે વહેલાં ઉઠી પ્રભુ પ્રાર્થના કરીએ, સંત-દર્શન કરીએ, માંગલિક શ્રવણ કરીએ, વડીલોને નમન કરીએ અને કર્મોના ભૂક્કા બોલાવીએ.

દેવાનપ્રિયો ! જાણ્યું ને તમે લૌકિક અને લોકોત્તર પર્વ વિશે! કેટલો ફરક છે બન્નેમાં! ભગવાનનો આપણા પર મહાઉપકાર છે કે, આપણને આવી સદ્બુદ્ધિ મળી. Thank you Bhagwaan!

## વિભાગ - 3

# તત્ત્વ તથા સંસ્કાર વિભાગ

## કર્મ અને કર્મ બંધના કારણો

આ દુનિયામાં કેટલાંક લોકોને દરેક ક્ષેત્રમાં સફળતા મળે છે અને કેટલાંક લોકોને નિષ્ફળતા મળે છે. કેટલાંક લોકો ધનવાન છે અને કેટલાંક ગરીબ. કેટલાંક ભણવામાં હોશિયાર હોય છે અને કેટલાંક નથી હોતા. કેટલાંક healthy હોય છે અને કેટલાંક વિવિધ રોગોથી પીડાતા હોય છે! કેમ આવું છે? હંમેશા આપણને આ સવાલ થતા હોય છે.

આ બધા પ્રશ્નનો જવાબ છે જીવોના કર્મ.




### કર્મ એટલે શું?

આખું વિશ્વ કાર્મણવર્ગણાથી ભરેલું છે. કાર્મણવર્ગણા એટલે કર્મના particles - કર્મનું raw material જ્યારે કાર્મણવર્ગણા આત્મા સાથે જોડાય છે, ત્યારે તેને કર્મ કહે છે.

### કર્મ આત્મા સાથે કેવી રીતે બંધાય છે?

જ્યારે આપણે કાંઈ વિચારીએ, બોલીએ અથવા કંઇ કરીએ, ત્યારે તેવા પ્રકારના ભાવ આત્મામાં ઉઠે છે, આપણો આત્મા vibrate થાય છે અને એ vibrationથી કાર્મણ વર્ગણા attract થાય છે. (જેમ magnet તરફ લોખંડ attract થાય છે, તેમ કર્મો આત્મા તરફ attract થાય છે.) અને આત્મા સાથે દૂધ અને પાણીની જેમ એકમેક થઈ જાય છે, તેને કર્મબંધ કહે છે. જેવા આપણાં ભાવ હોય એવા કર્મ બંધાય છે. સારાં ભાવ હોય તો શુભ બંધાય. ખરાબ ભાવ હોય તો અશુભ કર્મ બંધાય.

જે કર્મો આપણા આત્મા સાથે બંધાય છે, તે તેનું ફળ આપે છે.


જેમ કે, આપણે જેવું ભોજન લઈએ, તેવું result મળે છે. તાવ આવ્યો હોય અને દવા લઈએ, તો તેના ફળ સ્વરૂપે તાવ ઉતરી જાય છે, તેમ જેવા કર્મો કરીએ, તે પ્રમાણે તેનું ફળ મળે છે.

## કર્મ તેનું ફળ ક્યારે આપે ?

કર્મ તુરંત ફળ ન આપે. અમુક કાળ પછી અર્થાત્ ફળ આપવાનો સમય થાય, ત્યારે જ કર્મ ફળ આપે.

**કર્મોના પ્રકાર** - આમ તો કર્મ અનંતા છે, પણ આપણને સમજવા માટે શાસ્ત્રકારોએ તેના 8 પ્રકાર બતાવ્યા છે.

## (1) જ્ઞાનાવરણીય કર્મ :




જેમ આંખ ઉપર બાંધેલો પટ્ટો (band), જોવા-જાણવાની શક્તિને રોકી દે છે, તેમ જે કર્મ જ્ઞાન પર આવરણ કરે, તેને જ્ઞાનાવરણીયકર્મ કહે છે. કર્મનું આવરણ (layer) ઘટ્ટ હોય, તો જ્ઞાનનો વિકાસ ઓછો થાય. ભગવાન પાસે જે knowledge છે, તે આપણી પાસે પણ છે. પણ તેના પર આવરણ આવી ગયું છે. તેથી આપણું જ્ઞાન પ્રગટ થતું નથી.

**જ્ઞાનાવરણીયકર્મ કેવી રીતે બંધાય ?**

• જ્ઞાનીની, teacherની મસ્તી કરવાથી, તેમની સામે જેમતેમ બોલવાથી, તેઓનું ખરાબ બોલવાથી... વિચારવાથી.
• આપણને આવડતું હોય છતાં કોઈને ન શિખવાડવાથી.
• જ્ઞાન વાંચવામાં, ભણવામાં કંટાળો આવે, borring લાગે છે, એવું feel કરવાથી.
• જ્ઞાનીનો ઉપકાર ભૂલવાથી.
• જ્ઞાનીની અશાતના કરવાથી.
• જ્ઞાની પર ગુસ્સો કરવાથી.
• જ્ઞાની સાથે argument કરવાથી.
• કોઈની પાસેથી જ્ઞાન લીધું હોય અથવા મદદ લીધી હોય, તેનું નામ છૂપાવવાથી.
• કોઈને ભણવામાં અંતરાય પાડવાથી.
• જ્ઞાની પુરુષ સાથે ખોટાં ઝગડા કે વાદ-વિવાદ કરવાથી.
• તીર્થંકર ભગવાનના કેવળજ્ઞાન માટે શંકા-કુશંકા કે તર્ક-વિતર્ક કરવાથી.

• જ્ઞાનના સાધનો, પુસ્તકો આદિને ફાડવાથી, ફેંકવાથી, જ્યાં-ત્યાં મુકીને તેની અશાતના કરવાથી વગેરે...

ઉપરોક્ત કારણોથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

**જ્ઞાનાવરણીય કર્મની અસર :**

• Study કરવા છતાં યાદ ન રહે.
• પરીક્ષા સમયે યાદ કરેલું ભૂલી જવાય.
• Study કરવી હોય પણ proper facility ન મળે. Books, Laptop, teacher કે ગુરુ ન મળે.
• આપણે બહેરા (deaf), મંદ બુદ્ધિવાળા (dumb), અંધ (blind), mentally retarted થઈએ.
• આંખ, કાન આદિ ઈન્દ્રિયો જ ન મળે. જેમ કે, કીડી, મકોડાં, ધનેડા વગેરે જીવોને આ ઈન્દ્રિયો જ મળી નથી અથવા ઈન્દ્રિયો મળે પણ તે કામ ન આપે. દા.ત. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ.

**જ્ઞાનાવરણીય કર્મ કેવી રીતે દૂર કરાય ?**

• જ્ઞાનીનો respect કરવાથી.
• જ્ઞાનીનો વારંવાર ઉપકાર માનવાથી, Thank you કહેવાથી.
• બીજાને studyમાં help કરવાથી.
• જ્ઞાનના સાધનોની પ્રભાવના કરવાથી.
• જ્ઞાની પુરુષ કે teacherની વાતને તુરંત જ માની લેવાથી, જ્ઞાનાવરણીય કર્મ દૂર થાય છે.

## (2) દર્શનાવરણીય કર્મ :

જેમ kingના palaceમાં જતાં watchman (દ્વારપાલ) અટકાવે, આપણે king અને palaceને જોઈ શક્તા નથી, King અને Palaceની સામાન્ય જાણકારી પણ થતી નથી. તેવી રીતે આ કર્મ વસ્તુનો સામાન્ય બોધ થવા દેતું નથી.



**દર્શનાવરણીય કર્મ કેવી રીતે બંધાય ?**

• દર્શનીની નિંદા કરવાથી,
• દર્શનીની આશાતના કરવાથી,
• દર્શની સાથે ઝગડા કે વાદ-વિવાદ કરવાથી,
• દર્શનીની પ્રવૃત્તિમાં અંતરાય પાડવાથી.
• 5 sensesનો દુરુપયોગ (bad use) કરવાથી વગેરે...

ઉપરોક્ત કારણોથી દર્શનાવરણીય કર્મ બંધાય છે.


**દર્શનાવરણીય કર્મની અસર :**

• ઈન્દ્રિયોની શક્તિ ઘટે છે.
• આંખની શક્તિ ઓછી થાય.
• દર્શનાવરણીય કર્મને કારણે નિદ્રા (ઊંઘ) આવે, બેઠાં-બેઠાં ઝોલા આવે, ચાલતાં-ચાલતાં ઊંઘ આવે, ઊંઘમાં બોલવું વગેરે કોઈ પણ પ્રવૃત્તિ થાય.
• ધાર્મિક આરાધના કે study કરવા બેસે, ત્યારે ઊંઘ આવી જાય વગેરે...

**દર્શનાવરણીય કર્મ કેવી રીતે દૂર થાય ?**

• ઈન્દ્રિયોનો good ઉપયોગ કરવાથી.
• જીવદયા પાળવાથી.
• દરેક જીવો સાથે મૈત્રીપૂર્વકનો વ્યવહાર કરવાથી.
• દર્શનીનો વિનય કરવાથી

## (3) વેદનીય કર્મ :




જેના દ્વારા ભૌતિક સુખ દુઃખની અનુભૂતિ થાય, તે વેદનીય કર્મ કહેવાય છે.

**વેદનીય કર્મના બે પ્રકાર છે.**

1) શાતા વેદનીય કર્મ
2) અશાતા વેદનીય કર્મ

1) **શાતા વેદનીય કર્મ - સુખનો, અનુકૂળતાનો અનુભવ કરાવે છે.**

**શાતા વેદનીય ક્યા કારણે બંધાય ?**

- બીજા જીવોની દયા પાળવાથી.
- બીજા જીવોના દુઃખ દૂર કરવાથી.
- સેવા, વૈયાવચ્ચ કરવાથી.
- બીજા જીવોને અનુકૂળતા આપવાથી વગેરે...
- શાતાવેદનીય કર્મ બંધાય છે.

**શાતા વેદનીય કર્મના benefits :**

- શરીર નીરોગી રહે, mental peace મળે.
- મનને ગમે એવા શબ્દ સાંભળવા મળે.
- મનને ગમે એવા દશ્ય જોવા મળે.
- મનને ગમે એવી સુંગંધ મળે, teasty food મળે.
- મન, વચન અને કાયાનું સુખ મળે.

**2) અશાતા વેદનીય કર્મ -** દુઃખનો અને પ્રતિકૂળતાનો અનુભવ કરાવે છે.

**અશાતા વેદનીય કર્મ ક્યા કારણે બંધાય ?**

- બીજા જીવોની હિંસા કરવાથી.
- બીજા જીવોને દુઃખ, અશાતા અને અશાંતિ દેવાથી.
- બીજાને મારવાથી, હેરાન કરવાથી કે બીજા જીવોને પ્રતિકૂળતા આપવાથી વગેરે... એ રીતે જીવન જીવવાથી અશાતા વેદનીય કર્મ બંધાય.

**અશાતા વેદનીય કર્મની અસર :**

- શરીર રોગી રહે, માનસિક અશાંતિ મળે.
- મનને ન ગમે એવા શબ્દ સાંભળવા મળે,
- ખરાબ દશ્ય જોવા મળે,
- મનને ન ગમે એવી દુર્ગંધ મળે,
- સડેલો – વાસી - ન ભાવે તેવો આહાર મળે.
- મન, વચન અને કાયાનું દુઃખ મળે.
- અસાતાવેદનીય કર્મ કેવી રીતે દૂર કરી શકાય ?
- અન્યોને સાતા ઉપજાવાથી...

• જીવદયા રાખવાથી...
• બને એટલું અહિંસામય જીવન જીવવાથી...
• જડ સાથે પણ સારી રીતે વર્તવાથી
• 9 પ્રકારે પુણ્ય બંધ કરવાથી...

## (4) મોહનીય કર્મ :

મોહનીય કર્મ બધાં કર્મોનો રાજા છે. મોહ એટલે illusion (ભ્રમ). આ કર્મ સાચું જાણવા ન દે.

### મોહનીય કર્મ કેવી રીતે બંધાય ?

• જીવ-અજીવ ઉપર રાગ-દ્વેષ કરવાથી. (એટલે આ વસ્તુ મને બહુ ગમે. આ વસ્તુ મને જરા પણ ન ગમે. આ person મને ગમે, પણ આને જોઉં તો મને ખૂબ જ ગુસ્સો આવે.)
• તીવ્ર ક્રોધ(Anger), અહંકાર(ego), કપટ(deceit), લોભ(greed) કરવાથી.
• દેવ, ગુરુ, ધર્મ પર શ્રદ્ધા ન કરવાથી.
• વ્રત, પચ્ચક્ખાણનું પાલન ન કરવાથી.
• વ્રત-પચ્ચક્ખાણનું પાલન કરનાર વ્યક્તિની અશાતના કરવાથી વગેરે...

### મોહનીય કર્મની અસરઃ-




• વ્યક્તિ સાચાં ને ખોટું અને ખોટાં ને સાચું માને.
• સાચા દેવ, ગુરુ અને ધર્મને ઓળખે નહીં.
• પોતાના આત્મસ્વરૂપને જાણે નહીં.
• કદાચ સત્ય સમજે, પરંતુ સારું આચરણ કરી શકે નહીં.
• ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષાદિ મલિન ભાવો કરે વગેરે...

### મોહનીય કર્મ કેવી રીતે દૂર થાય ?

• ક્રોધ(Anger), અહંકાર(ego), કપટ(deceit), લોભ(greed) જેવા કષાયોને

શમાવવાથી (મંદ કરવાથી).
- સર્વ જીવો પ્રત્યે સમાન વ્યવહાર કરવાથી.
- દેવ-ગુરુ-ધર્મની દઢ શ્રદ્ધા રાખવાથી.
- સંસારમાં, જીવનમાં અલિપ્ત ભાવે રહેવાથી.
- સહન કરવાથી વગેરે...

## (5) આયુષ્ય કર્મ :



આયુષ્ય કર્મના કારણે જીવને દેવ-મનુષ્ય, તિર્યંચ કે નારકીના શરીરમાં jailની જેમ પુરાવું પડે. એટલે કે, આયુષ્ય કર્મના લીધે આપણને (soulને) bodyમાં રહેવું પડે.

**આયુષ્ય કર્મ કેવી રીતે બંધાય ?**

આયુષ્ય કર્મના ચાર પ્રકાર છે –

### 1. નરકાયુષ્યઃ
- મહાઆરંભ કરવાથી, ઘણાં જીવોની હિંસા કરવાથી.
- અતિ આસક્તિભાવથી કે મૂર્છા ભાવથી પૈસો, property, ભૌતિક સાધનો વસાવવાથી.
- Egg, non-vegનું સેવન કરવાથી.
- પંચેન્દ્રિય જીવોનો વધ કરવાથી વગેરે...

આ ચાર કારણે નરકગતિનું આયુષ્ય બંધાય છે.

### 2. તિર્યંચાયુષ્યઃ
- માયા, કપટ, cheating કરવાથી.
- મોઢેથી મીઠું-સારું બોલવું અને અંદરથી ખરાબ ભાવ રાખવાથી.
- વારંવાર જૂઠું બોલવાથી.
- Businessમાં ખોટું કરવાથી જેમ કે, ઓછું વજન આપવું, જે વસ્તુ બતાવી હોય તેને બદલે બીજી આપવી વગેરે...

આ ચાર કારણે તિર્યંચ ગતિનું આયુષ્ય બંધાય છે.

### 3. મનુષ્યાયુષ્ય:

- સ્વભાવની સરળતાથી.
- વિનય અને નમ્રતાના ભાવથી.
- જીવો પ્રતિ અનુકંપાના ભાવથી.
- Anger, jealousy અને ego ન કરવાથી વગેરે...

આ ચાર કારણે મનુષ્યગતિનું આયુષ્ય બંધાય છે.

### 4. દેવાયુષ્ય:

- સાધુપણાનું પાલન કરવાથી.
- શ્રાવક ધર્મનું પાલન કરવાથી.
- તપ કે ત્યાગ કરવાથી.
- સંસારના સુખની (materialistic happiness) ઈચ્છા વિના તપ કરવાથી વગેરે...

આ ચાર કારણે દેવગતિનું આયુષ્ય બંધાય છે.

### અશુભ આયુષ્યબંધને કેવી રીતે અટકાવી શકાય ?

- અનંત જીવોની હિંસા થાય તેવી મોટી ફેક્ટરી વગેરે ન કરવાથી.
- સ્વજનો કે સંપત્તિ પર ગાઢ મમત્વભાવ ન રાખવાથી.
- માયા કપટનો ત્યાગ કરીને સરળતાપૂર્વક જીવન જીવવાથી.
- દારૂ, માંસ આદિ વ્યસનોનો યાગ કરવાથી.
- વ્રત – નિયમનું પાલન કરવાથી વગેરેથી...

## (6) નામ કર્મ :

નામ કર્મ painter જેવું છે. Painter જેમ different drawings બનાવે અને પછી એને colorful બનાવે. તેવી રીતે નામ કર્મથી bodyનો વર્ણ (color), ઊંચાઈ (height), વજન (weight), આકાર (shape), સ્વર (voice), સૌંદર્ય (beauty) આ બધું body related decide થાય છે.



તેના બે પ્રકાર છે - 1. શુભનામ 2. અશુભનામ

**શુભ નામ કર્મ કેવી રીતે બંધાય ?**

• આપણા મન, વચન, કાયાની સરળતાથી એટલે કે શુભમાં પ્રવર્તવવાથી.

• કોઈની પણ સાથે ઝગડા કે argument ન કરવાથી.

• સારું behavior કરવાથી વગેરેથી...

શુભનામ કર્મ બંધાય.

**શુભનામ કર્મની અસર :-**

સ્વરૂપવાન શરીર, સુંદર સ્વર, સહુને પ્રિય લાગે તેવી અનુકૂળ -સપ્રમાણ અને મજબૂત દેહરચના પ્રાપ્ત થાય વગેરે...

**અશુભનામ કર્મ કેવી રીતે બંધાય ?**

• આપણા મન, વચન, કાયાની વક્રતાથી - એટલે કે અશુભમાં પ્રવર્તવવાથી.

• કોઈની પણ સાથે ઝગડા કરવાથી, argument કરવાથી.

• bad behaviour કરવાથી વગેરેથી...

અશુભનામ કર્મ બંધાય.

**અશુભ નામકર્મની અસર :-**

બેડોળ શરીર, બેડોળ રૂપ, કર્કશ સ્વર, સહુને પ્રિય ન લાગે, સપ્રમાણ ન હોય તેવી પ્રતિકૂળ અને શિથિલ દેહરચના પ્રાપ્ત થાય છે.

**અશુભનામ કર્મ કેવી રીતે દૂર કરી શકાય ?**

• મન, વચન કાયાથી શુભ પ્રવૃત્તિઓ કરવાથી

• ઝગડા કે વિખવાદ ન કરવાથી


• જગતના સર્વ જીવો માટે મંગલ ભાવના ભાવવાથી

• પરોપકારના કાર્યો કરવાથી વગેરેથી...

## (7) ગોત્ર કર્મ :

કુંભાર (potter) જેમ pot બનાવે, તેમાં કોઈની કિંમત ઓછી અને કોઈની કિંમત

વધારે હોય છે. કોઈ pot સારા કામ માટે use થાય છે. કોઈ ખરાબ કામ માટે use થાય છે. તેમ ગોત્ર કર્મ આ potter જેવું છે, કોઈનો જન્મ ઊંચા કુળમાં થાય છે. કોઈકનો નીચ કુળમાં જન્મ થાય છે. કોઈકને સન્માન મળે છે, તો કોઈકનું insult થાય છે.



તેના બે પ્રકાર છે -

1. ઉચ્ચ ગોત્ર 2. નીચ ગોત્ર

## ઉચ્ચ ગોત્ર કર્મ કેવી રીતે બંધાય ?

- પોતાનો પરિવાર (family), રુપ(looks), જ્ઞાન (knowledge) વગેરેનું ક્યારેય અભિમાન ન કરવાથી.
- બીજાના સદ્ ગુણોને જોવાથી.
- બીજાનું સારું જોઈને jealousy ન કરવાથી.
- વિનય, નમ્રતા, સરળતા જેવા ગુણો કેળવવાથી.
- ગુણીજનોને નમસ્કાર વંદના કરવાથી વગેરેથી... **ઉચ્ચગોત્ર બાંધે છે.**

## ઉચ્ચ ગોત્ર કર્મની અસર :-

જેનાથી સારાં familyમાં જન્મ મળે, સુંદર શરીર, રૂપ મળે, physically અને mentally powerful હોય, માન, સન્માન, પદ પ્રતિષ્ઠા, ઐશ્વર્ય, સત્તા.. આદિ ઘણા પ્રકારના લાભ પ્રાપ્ત થાય.

## નીચ ગોત્ર કર્મ કેવી રીતે બંધાય ?

- પોતાના જ્ઞાન(knowledge), બુદ્ધિમત્તા(intelligence), સત્તા(power), દેખાવનું looks અભિમાન કરવાથી.
- બીજાના દોષ જોવાથી,
- Jealousy કરવાથી.
- જ્ઞાની, ગુણીજનો, સંયમીનો તિરસ્કાર, દ્વેષ, નફરત કરવાથી વગેરેથી...

જીવ નીચ ગોત્ર બાંધે છે.

### નીચ ગોત્ર કર્મની અસર :-

જેના કારણે નીચ જાતિ, નીચ કુળ મળે, physical અને mental રીતે નિર્બળ કે રોગી-શરીર મળે, રૂપ સારું ન મળે, તપ ન કરી શકે, સૂત્ર વગેરે સાંભળવા ન મળે, અપયશ (insult) મળે, પરાધીનતા (dependency) મળે. સમાજમાં પદ, પ્રતિષ્ઠા, માન-સન્માન ન મળે વગેરે...

### નીચ ગોત્રકર્મ કેવી રીતે દૂર કરી શકાય ?

- દેવ, ગુરુ, ધર્મને ભાવથી વંદન કરવાથી.
- જાતિ, કુળ, સત્તા, સંપત્તિનું અભિમાન ન કરવાથી.
- નમ્રતાપૂર્વકનો વ્યવહાર કરવાથી.
- પોતાને જે મળ્યું છે, તેમાં જ સંતોષ રાખવાથી વગેરેથી...

## (8) અંતરાય કર્મ :



વસ્તુ અને તેની પ્રાપ્તિ વચ્ચે જે અંતર પડે, કોઈ પણ કાર્યમાં, વિઘ્ન (obstacles) આવે તે અંતરાય કર્મ.

### અંતરાય કર્મ કેવી રીતે બંધાય ?

- દાન ન આપવાથી અથવા જે દાન આપતું હોય એને રોકવાથી
- કોઈને benefit (લાભ) થતો હોય, તો તેમાં obstacles (વિઘ્ન) create કરવાથી.
- તપ, (ધર્મની ક્રિયાઓ) rituals આદિમાં (અડચણ) obstacles આપવાથી.
- કોઈ સારું (શુભ) કામ કરતું હોય, તેને રોકવાથી.

### અંતરાય કર્મની અસર:-


- દાન દેવાની અનુકૂળતા હોવા છતાં દાન દઈ ન શકાય.
- વસ્તુ હોવા છતાં તે ભોગવી ન શકાય. ex. sweets available હોય પણ ડાયાબિટીસ હોવાના લીધે ન ખાઈ શકે.
- Higher studies કરવા માટેની બધી facilities ન મળે.

• Jewelry હોય પણ skin allergyને કારણે પહેરી ન શકે વગેરેથી...
આવી બધી હોય અંતરાય કર્મની અસર.


### અંતરાય કર્મ કેવી રીતે દૂર થાય ?

• દાન દેવાથી, તપ કરવાથી.
• કોઈના લાભ કે ભોગ-ઉપભોગમાં વિઘ્નરુપ ન બનવાથી.
• પોતાની શારીરિક, માનસિક કે આર્થિક શક્તિનો સદુપયોગ કરવાથી.
• સતકાર્યોની અનુમોદના કરવાથી અંતરાય કર્મ ક્ષય થાય છે.

આપણે 8 કર્મ અને તે કેવી રીતે બંધાય છે તે જાણ્યું. Alert રહી આ કર્મબંધથી બચીએ. જે છોડવા જેવું છે, તે છોડીએ અને જે કરવા જેવું છે, તે કરી લઈએ તથા આત્મકલ્યાણના માર્ગે આગળ વધીએ.



# કર્મ અને પુનર્જન્મ



આપણે કેટલીય વાર સાંભળ્યું છે કે, આપણા કરેલાં કર્મો આપણે જ ભોગવવા પડે છે.

કેટલાંક લોકોની એવી માન્યતા હોય છે કે, આ જનમમાં ખાઓ, પીવો, મોજમજા કરો. ભગવાને આપ્યું છે તે ભોગવી લો. કોને ખબર છે પુનર્જન્મ છે કે નહીં? કર્મ તો જડ છે, તેનું ફળ તે કેવી રીતે આપે? કોણે કેવા કર્મો કર્યા છે, તેને કેવું ફળ આપવાનું છે તેનો હિસાબ કોણ રાખતું હશે? વગેરે...

આ તર્ક-વિતર્કથી તેઓ કર્મ કે પુનર્જન્મને સ્વીકારતા નથી, પરંતુ આ જગતના જીવોની વિવિધતાને નિહાળતાં કર્મ અને પુનર્જન્મ સહજ રીતે સિદ્ધ થઈ જાય છે.

(1) એક જ માતાના બે સંતાનોનો સ્વભાવ જુદો હોય છે. એક સંતાન બુદ્ધિમાન હોય તો એક મંદબુદ્ધિ પણ હોય છે. આ વિવિધતા બંને સંતાનના પૂર્વજન્મના કર્મોના કારણે છે. બન્નેના કર્મ, બન્નેના પૂર્વજન્મના સંસ્કાર ભિન્ન છે, તેથી આ જન્મમાં બંનેના સ્વભાવ ભિન્ન છે.

(2) નવા જન્મેલાં બાળકને દૂધ પીવડાવો, તો તે પોતાની મેળે પીવે છે. દૂધ કેમ પીવાય, તે તેને શિખવાડવું પડતું નથી. બાળકના પૂર્વજન્મના જ આહાર ગ્રહણના સંસ્કાર તેની સાથે છે, તેથી તે પોતાની મેળે જ દૂધ પીવે છે. આ ક્રિયા પણ પુનર્જન્મ સિદ્ધ કરે છે.

(3) કેટલાંય જીવોને પૂર્વભવનું જ્ઞાન - જાતિસ્મરણજ્ઞાન થાય અને તેને પોતાનો પૂર્વજન્મ સ્પષ્ટ દેખાય છે. શાસ્ત્રમાં આ માટે અનેક દૃષ્ટાંતો આપવામાં આવ્યા છે.

ચંડકૌશિક સર્પએ જ્ઞાનના માધ્યમથી પોતાના પૂર્વજન્મના સાધુપણાના ભવને જોયો, તેણે સ્વયં પોતે કરેલા ક્રોધનું ફળ જાણી લીધું અને તુરંત શાંત થઈ ગયો. કર્મનું ફળ જાણીને ચંડકૌશિક એવો શાંત થઈ ગયો કે, તેણે એક જ ભવને નહીં પરંતુ પોતાની સંપૂર્ણ ભવ પરંપરાને સુધારી લીધી.

મૃગાપુત્રને સાધુના દર્શનથી, મેઘકુમારને પ્રભુ મહાવીરના વચનથી જાતિ સ્મરણજ્ઞાન થયું હતું. ઉપરોક્ત દૃષ્ટાંતો કર્મ અને પુનર્જન્મને સિદ્ધ કરે છે.

આ તો ઇતિહાસના દૃષ્ટાંતો હતાં, પણ આજના જમાનામાં પણ આપણે જોઈએ છીએ કે, કેટલાંક આત્માઓ બહુ નાનપણમાં જ દીક્ષા ગ્રહણ કરે છે. આવી ઘટના ત્યારે જ શક્ય બને જો તે જીવે પૂર્વભવમાં સંયમ ઘૂટ્યો હોય. કોઈ ૩ વર્ષના બાળકને આખી સામાયિક આવડી જાય, કોઈ પાંચ વર્ષની કન્યાને આખું પ્રતિક્રમણ આવડતું હોય, કોઈ બાળક 6 વર્ષની ઉંમરે અટ્ઠાઈ કરે, આ બધી ઘટના પૂર્વ ભવના સંસ્કારને પ્રગટ કરે છે.

જીવ પોતાના આ જન્મના કર્મ અનુસાર પછીના જન્મનું આયુષ્ય બાંધે છે. આયુષ્ય બંધ અનુસાર ગતિ, જાતિ, શરીર આદિ નિશ્ચિત થાય છે.

પરમાત્માએ કહ્યું છે કે, જીવ અનાદિકાળથી 84 લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરી રહ્યો છે. જ્યાં-જ્યાં જન્મ ધારણ કરે છે, જેની સાથે રહે છે, જે-જે પદાર્થો ભોગવે છે, તે બધું જ તેના કર્મનું પરિણામ છે. તેના રાગ-દ્વેષની પરંપરા સતત તેની સાથે ભવ-ભવાંતર સુધી રહે છે. જીવ જ્યાં સુધી મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, વિષય-કષાય અને યોગના પરિણામ કરશે, ત્યાં સુધી કર્મબંધ થયા જ કરશે. જ્યાં સુધી કર્મ બંધ કરશે, ત્યાં સુધી જન્મ-જરા-મરણના ચક્કરમાં અને દુઃખોની પરંપરામાં જ તે સંસાર પરિભ્રમણ કરશે. આ ભવે આપણે સગાંસંબંધી-સ્વજન- પરિવારજનો, મિત્રો સાથે જે સંબંધોથી બંધાઈએ છીએ, તે આપણાં પૂર્વભવોના ઋણાનુબંધ અને લેણદેણને લીધે જ હોય છે.

પૂર્વભવે આપણે કોઈને સુખ કે દુઃખ આપ્યા હશે, તે સમયે રાગ અથવા દ્વેષથી જે શુભ કે અશુભ કર્મબંધન થયા હશે, તે આપણે આ ભવે ભોગવવા પડે છે, વ્યક્તિ-વસ્તુ-પદાર્થ કે પ્રસંગો તો નિમિત્ત માત્ર જ છે. સંસારનો સમગ્ર વ્યવહાર પોતાના કર્મ અનુસાર જ થાય છે.

કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતની શ્રદ્ધાથી આપણા રાગ-દ્વેષ ઘટે છે, સમભાવની સાધના સરળતાથી થાય છે, તે જ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિનો ઉપાય છે.

ચાર ગતિમાં મનુષ્યગતિ એકમાત્ર એવી ગતિ છે જેમાં કેવળ ધર્મ આચરણ જ નહીં, પરંતુ સર્વ કર્મનો નાશ કરી સિદ્ધદશા-મોક્ષની પણ પ્રાપ્તિ થઈ શકે છે, માટે જ કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતને સમજીને સ્વીકારીએ અને આપણા રાગ-દ્વેષને ઘટાડીને જીવનને ઉજ્જ્વળ બનાવીએ.

## પાપ અને પુણ્ય

**પ્રશ્ન 1 : પાપ એટલે શું ?**

**જવાબ 1 :** જે કાર્યનું ફળ દુ:ખ સ્વરૂપે ભોગવવું પડે તેને પાપ કહેવાય.



**પ્રશ્ન 2 : ક્યા કાર્યને પાપ કહેવાય ?**

**જવાબ 2 :** પાપ એટલે હિંસા કરવી, કોઇને મારવું, હેરાન કરવું, ક્રોધ કરવો, ખોટું બોલવું, ચોરી કરવી, લડાઇ-ઝગડા કરવા, શિસ્ત ન રાખવી, વડીલોની સામે બોલવું, ચાડી-ચુગલી કરવી, બીજાનું અપમાન કરવું, વ્યસનોનું સેવન કરવું વગેરે પ્રવૃત્તિઓને પાપ કહે છે.



**પ્રશ્ન 3 : પાપ કરવાથી શું થાય ?**

**જવાબ 3 :** પાપ કરવાથી નરક અથવા તિર્યંચ ગતિમાં જવું પડે. કૂતરા, કાગડા વગેરે બનવું પડે. હાથ, પગ, આંખ આદિ ન મળે. શરીર, સંયોગો, સંપત્તિ, વગેરે સારાં ન મળે. બધું ખરાબ મળે. કોઈ પણ ક્ષેત્રમાં સફળતા ન મળે, મનને ગમે તેવું કંઇ ન થાય. અનાથ આશ્રમમાં જીવન ગાળવું પડે. અપમાન થાય વગેરે અનેક પ્રકારે દુ:ખો ભોગવવા પડે.


**પ્રશ્ન 4 : પુણ્ય એટલે શું ?**

**જવાબ 4 :** જે કાર્યનું ફળ સુખ સ્વરૂપે ભોગવાય તેને પુણ્ય કહેવાય.

**પ્રશ્ન 5 : કયા કાર્યને પુણ્ય કહેવાય ?**

**જબાબ 5 :** કોઈને મદદ કરવી, કોઈને હેરાન ન કરવું, શાંતિ રાખવી, શિસ્ત

રાખવી, સેવાના – પરમાર્થના સારાં કાર્યો કરવા, ધર્મક્ષેત્રમાં જવું, સાધુ-સંતોના દર્શન કરવા, નમન, વંદના આદિ કરવું, વડીલોની આજ્ઞા પાળવી, દાન આપવું, ગરીબોને જમાડવા, તરસ્યાને પાણી પાવું, કોઈને બેસવા માટે જગ્યા આપવી, મનમાં શુભ ભાવો ભાવવા, વચનથી સારું બોલવું. વધુમાં વધુ સમય ધર્મધ્યાનમાં વિતાવવો વગેરે...



**પ્રશ્ન 6 : પુણ્ય કરવાથી શું થાય ?**

**જબાબ 6 :** પુણ્ય કરવાથી મનુષ્ય અથવા દેવગતિમાં જન્મ થાય. શરીર, સંયોગો, સંપત્તિ, વગેરે બધું સારું મળે. બધી ઈચ્છાઓ પૂરી થાય, હાથ, પગ, આંખ આદિ સર્વ ઈન્દ્રિયો મળે. બધા ક્ષેત્રોમાં સફળતા મળે, માન મળે, ભાવનાઓ સાકાર થાય, સારો પરિવાર મળે. જૈનધર્મ, સદ્ ગુરુનો યોગ, જિનવાણીનું શ્રવણ વગેરે સાધનાને યોગ્ય સર્વ અનુકૂળતાઓ પ્રાપ્ત થાય છે.



**પ્રશ્ન 7 : દેવાનુપ્રિયો ! આપણે શું કરવું જોઈએ ?**

**જબાબ 7 :** જો જીવનમાં બધું સારું જ જોઈતું હોય, તો પુણ્ય કરવું જ જોઈએ. તો હવેથી પાપ કાર્યોથી દૂર રહેજો અને પુણ્યના કાર્યો કરતાં રહેજો.

જીવ માત્રને જીવવું ગમે છે, સુખ ગમે છે, અનુકુળતા ગમે છે. જે આપણને ગમે તે જ બધાંને ગમે, માટે જો જીવનમાં દુ:ખ અને પ્રતિકુળતા ન જોઈતી હોય તો પુણ્યના કાર્યો કરવા.

જેટલો સમય ધર્મધ્યાનમાં વિતાવશો, પરમાર્થના કાર્યો કરશો એટલું તમારું ભદ્રપુણ્ય કર્મ બંધાશે. અને આત્મશુદ્ધિના-મોક્ષ તરફ ગતિ કરવાના સાધનો અને અનુકુળતાઓ પ્રાપ્ત થશે.

# જ્ઞાન અને જ્ઞાનવૃદ્ધિના બોલ



જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે.

આત્માના અનંત ગુણોમાં જ્ઞાનગુણ મુખ્ય છે. જીવ અને અજીવનો ભેદ પ્રગટ કરનાર જ્ઞાનગુણ છે. જ્ઞાન દીપક સમાન સ્વ-પર પ્રકાશક છે. જ્ઞાન દ્વારા જ પોતાનો બોધ થાય અને જગતનો પણ બોધ થાય છે. જ્ઞાન દ્વારા જ જીવ પોતાના સુખ-દુઃખને જાણે છે અને ભોગવે છે. જ્ઞાન દ્વારા જ જીવ પોતાના હિત-અહિતનો વિચાર કરીને, અહિતના માર્ગને છોડીને હિતનો માર્ગ, કલ્યાણનો માર્ગ સ્વીકારે છે.

આત્મા સ્વયં જ્ઞાન સ્વરૂપ છે. પરંતુ કર્મનું આવરણ હોવાથી આપણું જ્ઞાન પ્રગટ થતું નથી. માટે આપણે તે કર્મને દૂર કરવા પુરુષાર્થ કરવો જોઈએ. જ્ઞાન આત્માની અંદર જ છે, બહાર નથી. માટે જ્ઞાનને પ્રાપ્ત કરવાનો નહીં પણ જ્ઞાનને પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવાનો હોય છે.

દેવાનુપ્રિયો! જ્ઞાન વિશે આટલી માહિતી પ્રાપ્ત કરી. હવે શું કરવાનું છે?

જ્ઞાન પ્રાગટ્ય માટે પુરુષાર્થ કરવાનો છે.

આવો જોઇએ,

જ્ઞાનને પ્રગટ કરવા માટે તથા તેની વૃદ્ધિ માટે ભગવાને શું કહ્યું છે તે...

## જ્ઞાન વૃદ્ધિના બોલ

**પઢમં નાણં ! તઓ દયા**

ભગવાનના વચનો છે કે, પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરો. જ્ઞાન પ્રાપ્ત કરશો તો જ દયા પાળી શકશો. હેય અને ઉપાદેયને જાણી અર્થાત્ શું કરવા જેવું છે અને શું છોડવા જેવું છે, તે જાણી તે પ્રમાણે આચરણ થાય છે. જ્યાં સુધી આચરણ શુદ્ધ ન થાય ત્યાં સુધી મોક્ષ પ્રાપ્તિ સંભવ નથી. માટે જ્ઞાનની મહત્તા છે.

**જ્ઞાન વૃદ્ધિના બોલ**

1. જ્ઞાન શિખવા માટે પુરુષાર્થ કરવો જોઇએ.
2. ઉપકારી ગુરુનો વિનય કરવાથી જ્ઞાન વધે છે.
3. ઊંઘ ઘટાડીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.
4. ભૂખ કરતાં ઓછું ખાઇને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.
5. મૌન રાખીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.
6. જ્ઞાની પાસે અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.
7. શિખેલું જ્ઞાન વારંવાર ફેરવવાથી (repetation) જ્ઞાન વધે છે.
8. કોઇ પણ વસ્તુ કે પદાર્થની આસકિત ઓછી રાખવાથી જ્ઞાન વધે છે.
9. પાંચે ઇન્દ્રિયોને (કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શ) controlમાં રાખવાથી જ્ઞાન વધે છે.
10. મનને વશમાં રાખવાથી જ્ઞાન વધે છે.
11. તપ-ત્યાગ આદિ કરવાથી જ્ઞાન વધે છે.

દેવાનુપ્રિયો ! જ્ઞાન પ્રાગટ્યના આ બોલ જાણીને એને અમલમાં લાવવાનો પુરુષાર્થ કરવો. તો જ મનુષ્યભવ સાર્થક થશે.



ભૂખ કરતાં ઓછું ખાઇને અભ્યાસ કરવાથી



પાંચે ઇન્દ્રિયોને (કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શ) controlમાં રાખવાથી

ઉપકારી ગુરુનો વિનય કરવાથી



શિખેલું જ્ઞાન વારંવાર ફેરવવાથી



# વિભાગ - 4 ધર્મ અને વિજ્ઞાન વિભાગ

મોટા ભાગના લોકો એવું સમજતા આવ્યા છે કે, ધર્મ અને વિજ્ઞાનને કોઈ સંબંધ હોતો નથી કારણ કે... ધર્મ તો શ્રધ્ધાનો વિષય છે, જ્યારે વિજ્ઞાન એ ચોક્કસ પરિણામનો વિષય છે. પરંતુ ધર્મ તત્ત્વને વિસ્તારથી સમજ્યા પછી સ્પષ્ટ જણાય છે કે, ધર્મમાં વિજ્ઞાન છે અને વિજ્ઞાનમાં પણ આંશિક રીતે ધર્મ સમાયેલો છે.

વિજ્ઞાનમાં જેમ ચોક્કસ કાર્યનું ચોક્કસ પરિણામ આવે છે, તે જ રીતે જૈન દર્શન પ્રમાણે પણ ચોક્કસ કાર્યનું ચોક્કસ પરિણામ આવે છે.
કેવી રીતે ? ચાલો જાણીએ...

- **ધર્મ કહે છેઃ- 1.** વ્યક્તિએ કયો ખોરાક ખાવો જોઈએ ? ક્યા સમયે અને કેટલાં પ્રમાણમાં ખાવો એ **ધર્મ** સમજાવે છે. એટલુંજ નહિં...પરંતુ ક્યા બે પદાર્થોનું સેવન એક સાથે ન કરવું જેથી રોગ ઉત્પન્ન ન થાય આદિ... શરીર તથા આહાર વિષેનું જ્ઞાન આપે છે.
- **વિજ્ઞાન કહે છેઃ-** શરીર વિજ્ઞાન જાણનારા નિષ્ણાતોનું કહેવું છે કે, માણસના શરીરમાં જ શરીરને સ્વસ્થ કરવાની ક્ષમતા છે. શરીરને યોગ્ય સમયે, યોગ્ય પ્રમાણમાં ખોરાક આપવાથી શરીરને પોષણ મળવાની સાથે શરીરની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.

- **ધર્મ કહે છેઃ- 2.** સર્વ જીવોં પ્રત્યે કરુણાભાવ, મૈત્રીભાવ અને ક્ષમાપનાના ભાવને **ધર્મ** અત્યંત મહત્ત્વ આપે છે. કારણ તેથી મન પ્રસન્ન રહે છે. **જ્યાં મન પ્રસન્ન ત્યાં તન નિરોગી હોય.** અનેક બિમારીઓંથી બચવાનો આ ઉપાય છે.
- **વિજ્ઞાન કહે છેઃ-** મનોવૈજ્ઞાનિકોનું માનવું છે કે - મનુષ્યના મનમાં રહેલાં રાગ, દ્વેષ, નફરત, લાલચ જેવી નકારાત્મક ભાવનાઓં તેને ચિંતા, હતાશા, depression અને અંતે દુષ્કૃત્ય તરફ ધકેલે છે સાથે એ પણ કહે છે કે - **મન તંદુરસ્ત તો તન તંદુરસ્ત.**

• **ધર્મ કહે છેઃ- 3.** મનુષ્યોંએ પોતાના સમય, ક્ષમતા તથા મુડીના રોકાણ એવી રીતે કરવા જેથી તેનો ફાયદો ક્ષણિક નહીં પણ ભવોભવ પામી શકાય. આવી પુણ્યબંધની સાચી સમજ આપણને **જૈનધર્મ** પાસેથી મળે છે.

• **વિજ્ઞાન કહે છેઃ-** અર્થ વૈજ્ઞાનિકો પણ સલાહ આપે છે કે – જે રોકાણનું વળતળ ન મળે ત્યાં રોકાણ કરવું તે એક પ્રકારે નુકસાન જ છે.

• **ધર્મ કહે છેઃ-** 4. જૈન આગમોંમાં દસ પ્રકારની સમાચારીનું કથન છે. સમાચારી સમ્યક વ્યવહારનો બોધ કરાવે છે. તેના પરિણામે પરિવાર - સંઘ – સમાજમાં શાંતિ અને સમાધિનું વાતાવરણ સર્જાય છે.

• **વિજ્ઞાન કહે છેઃ-** સમાજ વિજ્ઞાનમાં પણ કહેવામાં આવ્યું છે કે, જે પરિવારમાં – સમાજમાં લોકો મળીને, અરસપરસ એકબીજાનો વિચાર કરીને તેમજ એકબીજાનાં મંતવ્યોંને ધ્યાનમાં રાખી નિર્ણયોં લેવાય છે. તે પરિવાર – સમાજ સુખ, શાંતિ અને સમૃધ્ધિ પામે છે.

ધર્મ અને વિજ્ઞાનનાં તુલનાત્મક અભ્યાસ દ્વારા ધ્યાનમાં આવે છે કે...

વિજ્ઞાન ભલે સતત નવી શોધો દ્વારા માનવજીવનને વધુ ને વધુ સગવડો આપી સુખી થવાના નવા-નવા માર્ગો શોધવામાં વ્યસ્ત છે. પણ ધર્મ પાસે સર્વશ્રેષ્ઠ જ્ઞાન છે. તે જાણે છે કે - જીવને બાહય સાધનો દ્વારા સુખ નહીં, માત્ર સગવડતા મળે છે. તે વ્યક્તિ સમજણપૂર્વક સંતુષ્ટ થશે ત્યારે જ પરમાનંદને પામશે.



# વિશ્વભૂતિ રાજકુમાર

ભગવાન મહાવીરના આત્માએ પ્રથમ નયસારના ભવમાં સમકિત પ્રાપ્ત કર્યું અને ત્રીજા મરીચિના ભવમાં ઉત્સૂત્ર પ્રરુપણા કરી સમકિતનું વમન કર્યું. પછી ક્રમશઃ દેવલોક અને બ્રાહ્મણના ભવો કરી ભાવી પ્રભુના આત્માએ 16માં ભવમાં રાજગૃહ નગરમાં વિશ્વનંદી રાજાના નાના ભાઈની પત્ની, યુવરાજ્ઞી ધારીણીના પુત્ર રુપે જન્મ લીધો. તેનું નામ વિશ્વભૂતિ રાખવામાં આવ્યું.

યૌવનવયને પ્રાપ્ત વિશ્વભૂતિ, પુષ્પકરંડક નામના ઉદ્યાનમાં અંતઃપુર સહિત ક્રીડા કરવા માટે ગયા. તેઓ ઉદ્યાનમાં સ્થિત થઈ, ક્રીડામાં મસ્ત રહેવા લાગ્યા. આ સમય દરમ્યાન રાજપુત્ર વિશાખાનંદી પણ તે ઉદ્યાન સમીપે આવ્યા. તેઓ આ ઉદ્યાનમાં સપરિવાર થોડા સમય માટે રહેવા ઈચ્છતા હતા. વિશ્વભૂતિનો પરિવાર ઉદ્યાનની અંદર હોવાથી તેને બહાર રહેવું પડયું. તે સમયે રાજ પરિવારનો નિયમ હતો કે, ઉદ્યાનમાં કોઈ એક રાજપરિવાર હોય તો, બીજાએ અંદર જવું નહીં.

પુષ્પ લેવા આવેલ દાસીએ વિશ્વભૂતિને ઉદ્યાનની અંદર અને રાજકુંવરને ઉદ્યાનની બહાર જોયા. રાજમહેલમાં આવી દાસીએ રાજમાતા પ્રિયંગુરાણીના કાન ભંભેર્યા, "તમે રાજરાણી, છતાં તમારા પુત્રને ઉદ્યાનમાં પ્રવેશ ન મળે, તે કેવું કહેવાય ? વિશાખાનંદીને રાજપુત્ર હોવાનો લાભ શું ? ધારિણીદેવી તો યુવરાજ્ઞી છે, છતાં તેમનો પુત્ર મોજ-મજા કરે ? ખરેખર તો તે પરિવાર રાજ્યસુખ ભોગવે છે."

દાસીની ચડામણીથી ઉશ્કેરાયેલી પ્રિયંગુરાણી કોપ કરી કોપગૃહમાં બેઠી. રાણીનો ક્રોધ દૂર કરવા તથા તેની ઈચ્છાને પૂર્ણ કરવા રાજાએ રણભેરી વગડાવી. રણભેરીનો નાદ સાંભળી, વિશ્વભૂતિ ઉદ્યાનમાંથી નીકળી, શીઘ્રપણે રાજ્યસભામાં આવ્યા. ક્ષત્રિયો યુદ્ધનું એલાન થતાં જે પણ કાર્યમાં મગ્ન હોય, તેને પૂર્ણ કર્યા વિના જ તુરંત નીકળી પડે છે.

વિશ્વભૂતિ સભામાં આવ્યા એટલે રાજાએ કહ્યું કે, “પુરુષસિંહ નામક સામંત રાજા ઉદ્ધત બન્યો છે, તેને નાથવા (દમવા) સૈન્ય સાથે મારે પ્રયાણ કરવાનું છે.” તે સમયે વડીલ પિતાને યુદ્ધમાં ન જવા દેતા, સ્વયં વિશ્વભૂતિએ સૈન્ય સાથે પ્રયાણ કર્યું.

ત્યાં જઈ જોયું તો પુરુષસિંહ સામંત તો આજ્ઞાવંત જ હતા. તેથી તે પાછા ફર્યા. રાજાની આ રીતે વગર કારણે મોકલવાની નીતિ વિશ્વભૂતિને સમજાઈ નહીં.

યુદ્ધમાંથી પાછા ફરતા, રસ્તામાં પુષ્પકરંડક ઉદ્યાન આવ્યું. વિશ્વભૂતિ તેમાં પ્રવેશ કરવા ગયા, ત્યાં દ્વારપાળે નિષેધ કર્યો. "અંદર સપરિવાર વિશાખાનંદી રાજકુંવર છે માટે તમે પ્રવેશ કરી શકશો નહીં." આ સાંભળતા જ વિશ્વભૂતિને રાજાના કપટનો ખ્યાલ આવી ગયો. "મને ઉદ્યાનમાંથી બહાર કાઢવા જ રાજાએ ખોટું યુદ્ધનું એલાન કર્યું, અને પોતાના પુત્ર વિશાખાનંદીને ઉદ્યાનમાં જવા દેવા માટે કપટપૂર્વક મને બહાર કાઢ્યો."

માયા  કરવી... કપટ કરવું એ અત્યંત પાપકારી કાર્ય છે. સામી છાતીએ નહીં પણ પીઠ પાછળ ઘા કરવા બરાબર છે. જેની સાથે કપટ કરવામાં આવે તે અત્યંત દુઃખી થઈ જાય છે. કપટ કરનાર માનવીનો તિર્યંચ ગતિમાં જન્મ થાય અને એક નહીં પણ અનેકોનેક ભવો એના દુર્ગતિમાં વીતે છે.

રાજાના કપટથી ક્રોધિત બની, વિશ્વભૂતિએ મુષ્ટિ વડે સમીપમાં રહેલાં કોઠાના ઝાડ ઉપર પ્રહાર કર્યો. તેના એક જ પ્રહારે વૃક્ષનાં સર્વ ફળ નીચે પડી ગયા. તે બતાવી વિશ્વભૂતિએ દ્વારપાળને કહ્યું, "મારા આ બળને જોઈ લે. વડીલ પિતાશ્રીની આમન્યાથી, તેમના પ્રત્યેની ભક્તિના કારણે હું કોઈને મારતો નથી, નહીં તો તમારા બધાંના મસ્તક આ કોઠાનાં ફળની જેમ ભૂમિ ઉપર પાડી શકું છું. વિશાખાનંદીને મારા આ બળની જાણ કરી દેજે." આ પ્રમાણે દ્વારપાળને કહી, વિશ્વભૂતિ ત્યાંથી નીકળી ગયા.

"આવા કપટપૂર્ણ ભોગની મારે આવશ્યકતા નથી," તેમ નિશ્ચય કરી ત્યાંથી સીધા સંભૂતિમુનિ પાસે જઈ દીક્ષા અંગીકાર કરી, ગુરુની સાથે વિચરવા લાગ્યા. નિરંતર અભ્યાસમાં રત રહી વિશ્વભૂતિમુનિ ગીતાર્થ બની ગયા. ગીતાર્થ એવા વિશ્વભૂતિમુનિ ગુરુની આજ્ઞાથી એકાંકી (એકલા) વિચરવા લાગ્યા.

એકદા મુનિ મથુરા નગરીમાં પધાર્યા. તપશ્ચર્યાને કારણે તેમનું શરીર કૃશ થઈ ગયું હતું. વિશ્વભૂતિમુનિ માસક્ષમણના પારણે ગૌચરી (આહાર) માટે નગરમાં નીકળ્યા. રસ્તામાં એક ગાયે તેઓને ધક્કો માર્યો અને મુનિ પડી ગયા. આ દ્રશ્ય વિશાખાનંદીએ જોયું. તે મથુરાની રાજપુત્રીને પરણવા મથુરામાં આવ્યા હતાં. તે ઝરૂખામાં ઊભા-ઊભા નગર જોતા હતા. ત્યાં મુનિને પડતા જોઈ તેમણે મશ્કરી કરી કે, "કોઠાના ફળને પાડવાનું તારું બળ ક્યાં ગયું ? એક સામાન્ય ગાયથી પણ પડી ગયો."



ઉપહાસના આ વચનો સાંભળતા જ વિશ્વભૂતિ મુનિનો અંદર દબાવી રાખેલો ક્રોધ ઊછળી આવ્યો. ક્રોધ અને અહંકાર ભેગા થતા મુનિએ ગાયને શીંગડાથી પકડી, આકાશમાં ગોળ ફેરવી દૂર ફેંકી દીધી. તત્ પશ્ચાત્ નિયાણું કર્યું (સંયમ અને તપના ફળને માંગી લીધું) કે, "મારા સંયમ અને તપના પ્રભાવે ભવાંતરમાં આ વિશાખાનંદીને મારનાર થાઉં."

આ પાપની આલોચના કર્યા વિના, સંયમનું પાલન કરતાં-કરતાં પૂર્વ કોટિનું આયુષ્ય પૂર્ણ કર્યુ અને સાતમાં દેવલોકમાં જન્મ ધારણ કર્યો ત્યાર બાદ ત્યાનું આયુષ્ય પૂર્ણ કરી નિયાણાના પ્રભાવે અઢારમાં ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ રુપે જન્મ લીધો.

## MORAL

દેવાનુપ્રિયો ! ભગવાનના આ ભવ વિષે જાણી શું વિચારવાનું છે અને શું આચરણમાં લાવવાનું છે !

ક્યારેય કોઈની ઈર્ષ્યા કરવી નહીં અને કાનભંભેરણી કરવી નહીં. આવી આદત બે વ્યક્તિ કે બે પરિવાર વચ્ચે વેર ઊભું કરે છે. જે રીતે દાસીની કાનભંભેરણીથી પ્રિયંગુરાણીના અંતરમાં ઈર્ષ્યા જાગૃત થઈ અને પરિણામે વિશાખાનંદી અને વિશ્વભૂતિ, બંને ભાઈઓ વચ્ચે વેર ઊભું થયું અને તે વેરની પરંપરા કેટલાંય ભવ સુધી ચાલી.

આપણા સ્વાર્થની સિદ્ધિ માટે માયા-કપટ કરવું નહીં. જેમ રાજા વિશ્વનંદીએ પોતાના પુત્ર વિશાખાનંદીને ઉદ્યાનમાં મોકલવા પોતાના ભત્રીજા વિશ્વભૂતિ સાથે કપટ કરીને યુદ્ધની ભેરી વગાડી અને તેને બોલાવ્યોં. તેના પરિણામે વિશ્વભૂતિનો ઉશ્કેરાટ વધ્યો. એક વ્યક્તિનું કપટ બીજી વ્યક્તિના કષાયને પ્રગટાવે છે.

કષાય માત્ર આત્માના સહુથી મોટા શત્રુ છે. વિશાખાનંદીનો અહંકાર યુક્ત ઉપહાસ અને વિશ્વભૂતિનો અહંકાર યુક્ત ક્રોધ બન્ને આત્માને અનેક ભવોમાં પરિભ્રમણ કરાવે છે...

આપણે આપણને જે મળ્યું છે તેનો સંતોષ માનવો, કોઈની ઈર્ષ્યા ન કરવી અને ક્રોધ, કપટ, અહંકાર વગેરેને હંમેશા વશમાં રાખવા.

# નેમ રાજુલ

બાવીસમા તીર્થંકર શ્રી નેમનાથ ભગવાન શૌર્યપુર નગરના સમૃદ્ધિવાન સમુદ્રવિજય રાજાના મહાયશસ્વી, બળવાન, તેજસ્વી પુત્ર હતા. તેમની માતા શિવાદેવી અને નાના ભાઈ રહનેમિ હતા.

સમુદ્રવિજય રાજાને તેમનાથી નાના બીજા ૯ ભાઈઓ હતા, તેમાં સૌથી નાના ભાઈનું નામ વસુદેવ હતું. વસુદેવ રાજાને બે પત્નીઓ હતી. તેમાં રોહીણીના પુત્ર બળદેવ અને દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ વાસુદેવ હતા. આ રીતે શ્રી કૃષ્ણ અને નેમનાથ બંને કાકા ભાઈજીના દીકરાઓ પિત્રાઈ ભાઈઓ હતા.

એકવાર નેમકુમારે વાસુદેવના પંચજન્ય શંખનો નાદ કર્યો. લોકો તથા સ્વંય શ્રીકૃષ્ણ વિચારમાં પડી ગયા કે આ શંખનાદ કોણે કર્યો? આ શંખ તો શ્રીકૃષ્ણ સિવાય કોઈ ઉઠાવી પણ ન શકે, ત્યાં વગાડવાની તો વાત જ ક્યાં? પરંતુ શંખરક્ષકે સમાચાર આપ્યા કે, “આ તો નેમકુમારે શંખ વગાડ્યા!” નેમકુમારને મન તો આ રમત વાત હતી ! કારણ કે, તેઓ તીર્થંકર હતા. નેમનાથના બળની ઠેર ઠેર પ્રશંસા થવા માંડી. જેવા તે બળવાન હતા તેવા જ તે સુંદર હતા.


શ્રીકૃષ્ણને શંકા જાગી કે, “નેમકુમાર આટલા શક્તિશાળી છે. ક્યાંક એ રાજા ન બની જાય. નેમકુમાર હજુ કુંવારા હતા. જો એમને પરણાવી દેવામાં આવે તો તેમની શક્તિમાં કમી આવે, શક્તિ ઓછી થઈ જાય.” વિષયોના ભોગવટા હંમેશા શક્તિનો ક્ષય કરતાં હોય છે.

યુવાન નેમકુમાર સંસારમાં વૈરાગ્ય ભાવ સાથે રહેતા હતા. તેમના માતા-પિતાને તેમને પરણાવવાની બહુ જ ઈચ્છા હતી. શ્રીકૃષ્ણ વાસુદેવે શૌર્યપુર નગરમાં જ વસતા ઉગ્રસેન રાજાની કુંવરી રાજેમતિ (રાજુલ) સાથે નેમકુમારના લગ્ન નક્કી કર્યા.


રાજેમતિની સુંદરતાનું વર્ણન કરતાં તો સરસ્વતી પણ થાકી જાય. સ્ત્રીઓના સર્વ શુભ લક્ષણોથી સંપન્ન, સુંદર દ્રષ્ટિવાળી, ઉત્તમ જીવન જીવનારી, ધાર્મિક સંસ્કાર સંપન્ન કન્યા એટલે રાજેમતિ.

લગ્ન માટે શુભ મુહૂર્ત્ત જોવામાં આવ્યું અને તે દિવસ પણ આવી ગયો. શૌર્યપુર નગરમાં આનંદ-આનંદ છવાઈ ગયો હતો. નેમકુમારને લઈને લગ્નની જાન

ચાલવા લાગી. રથમાં બેસીને આવતા નેમકુમાર સોહામણા લાગતા હતા. જાન મહેલ પાસે આવી પહોંચી. રાજેમતિ સોળે શણગાર સજીને બેઠી હતી.



લગ્ન મંડપમાં પહોંચતા જ નેમકુમારે વાડામાં બાંધેલાં પશુઓ અને પિંજરામાં પુરાયેલાં પક્ષીઓને જોયા. નેમકુમારે પોતાના સારથિને પૂછ્યું, " આ સર્વ પશુપક્ષીઓને શા માટે અહીં લાવવામાં આવ્યાં છે ?" સારથિ બોલ્યો "માંસભક્ષણ કરનારા જાનૈયાઓ માટે તેમને અહીં લાવ્યાં છે." નેમકુમારે વિચાર્યું કે, આટલા બધા જીવોની હિંસા મારા લગ્ન નિમિત્તે થાય તે મારા માટે યોગ્ય નથી. આટલાં નિર્દોષ જીવોની હિંસા મારા આ ભવ અને પરભવ બંન્ને ભવો માટે અહિતકર અને અકલ્યાણકારી બને. તેમણે તેમના સારથિ દ્વારા રથ રોકાવ્યો અને તે સર્વ પશુ-પંખીઓને મુક્ત કરાવ્યા. પશુ-પક્ષીઓની મુક્તિનો આનંદ જોતાં નેમકુમાર ચિંતન કરવા લાગ્યા કે, "મારી શક્તિનો ઉપયોગ આત્મકલ્યાણ માટે કરવો જોઈએ. સંસારની પાપમય પ્રવૃત્તિ છોડીને હું દિક્ષા લઈને આત્મસાધના કરું એ જ પરમ હિતકારી છે."



આ પ્રમાણે ચિંતન કરી તેમણે સારથિને રથ પોતાના નગર તરફ પાછો વાળવા કહ્યું. નેમકુમાર રાજુલને છોડી શિવરમણીને વરવા તૈયાર થઈ ગયા.

અચાનક નેમકુમારનો રથ પાછો વળ્યો અને રંગમાં ભંગ પડયો. રાજુલ અને સખીઓ વિચારમાં પડી ગયા કે, 'શું થયું? ' વહેતી-વહેતી વાત આવી કે, નેમકુમાર પશુઓનો પોકાર સાંભળીને તેમને પાંજરામાંથી છોડાવી પાછા ફર્યા,

હવે તેઓ આ અસાર સંસારમાં લગ્નગ્રંથીથી જોડાવા ઈચ્છતા નથી.

રાજુલ તો આ સમાચાર સાંભળીને અત્યંત શોકગ્રસ્ત બની ગઈ. તે વિચાર કરવા લાગી, 'ખરેખર ધિક્કાર છે મને કે નેમકુમાર દ્વારા હું ત્યાગી દેવામાં આવી ! પણ આ ભવમાં મારે બીજો વર ન જોઈએ. હવે મારા માટે પણ શ્રેષ્ઠ એ છે કે હું પણ એમના પગલે ચાલીને દીક્ષા લઉં.' આમ વિચારીને તેઓ કુંવારા રહ્યા અને યોગ્ય સમયે દીક્ષા લેવા તત્પર થયાં.

ત્યારબાદ નેમકુમારે એક વર્ષ સુધી વરસીદાન આપ્યું અને પછી ૧૦૦૦ રાજાઓં સાથે દીક્ષા અંગીકાર કરી. સંયમનો સ્વીકાર કર્યાં પછી તેઓ દ્વારકા નગરી પાસેના રૈવતક (ગિરનાર) પર્વત પર સાધનામાં લીન બની ગયાં. ૫૪ દિવસની સાધના બાદ પ્રભુને કેવળજ્ઞાન થયું. તેઓ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચાર તીર્થની સ્થાપના કરીને તીર્થંકર બન્યાં.

આ તરફ, રાજુલે પણ તેમનો જ માર્ગ સ્વીકારી ભગવાન નેમનાથ પાસે દીક્ષા ગ્રહણ કરી.

એકવાર રાજુલ સાધ્વી અનેક સાધ્વીજીઓ સાથે ભગવાન નેમનાથના દર્શન કરવા ગિરનાર પર્વત પર ગયા હતાં. ત્યારે અચાનક વરસાદ આવ્યો અને તેઓ સાથી સાધ્વીઓથી છૂટાં પડી ગયા. તેમણે ભીંજાયેલાં વસ્ત્રને કોરાં કરવા એક ગુફાનો આશ્રય સ્વીકાર્યો. ત્યાં તેમનાં વસ્ત્રો સૂકવવાં મૂક્યા.

સંયોગોવશાત્ તે જ ગુફામાં નેમનાથના નાના ભાઈ રહનેમિમુનિ ધ્યાનમાં બેઠાં હતા. ગુફામાં રહેલા અંધકારને કારણે સાધ્વી રાજુલ તેમને જોઈ શક્યાં નહીં, પણ રહનેમિ રાજેમતિનાં રૂપ, લાવણ્યને જોઈ મોહિત થઈ ગયા અને બોલ્યા, "રાજેમતિ! શા માટે તમે યુવાની વેડફી રહ્યાં છો? મનુષ્યનો ભવ મળવો ઘણો જ દુર્લભ છે, માટે આવો પહેલાં આપણે ભોગ ભોગવીએ, પછી જિનેન્દ્ર ભગવાનના માર્ગનું અનુસરણ કરીશું."

રાજેમતિ સાધ્વી પોતાના વ્રત, નિયમ પાલનમાં સ્થિર હતાં. શીલની રક્ષા કરતાં તેમણે જવાબ આપ્યો, "તમે જો દેવ જેવા અથવા ઈન્દ્ર જેવા સ્વરૂપવાન હો, તો પણ હું તમને ઈચ્છતી નથી. તમે તો નેમનાથ ભગવાનના નાના ભાઈ છો અને હું તેમના દ્વારા ત્યાગી દેવાયેલી રાજેમતિ છું. તમે તમારા ભાઈનું વમેલું શા માટે ભોગવવા ઈચ્છો છો? તમને ધિક્કાર છે કે, અસંયમરૂપ જીવન જીવવાની ઈચ્છા કરો છો !

તેના કરતા તો તમારા માટે મૃત્યુ શ્રેષ્ઠ છે.”

“હે રહનેમિ! આપણું બંનેનું કુળ, ખાનદાન શ્રેષ્ઠ છે. આપણને આવું વિચારવું પણ ન શોભે! આ કાયામાં મળ, મૂત્ર અને દુર્ગંધ ભરેલા છે, આપણે તો આત્મવૈભવને મેળવવા સંત બન્યાં છીએ. મુનિરાજ! આવો ઝેરી વિચાર અને વચનો તમારા પવિત્ર મગજમાં ક્યાંથી આવ્યા? તમે સંયમમાં સ્થિર થાઓ.”

રાજેમતિના આવાં મર્મવેધી વચનોથી રહનેમિ જાગૃત થયા. તેઓ પતનના માર્ગે જતા બચ્યા. પોતાની ભૂલ માટે રાજેમતિ સાધ્વી પાસે લજ્જાપૂર્વક, અંતરના ભાવથી માફી માંગી. રાજેમતિનો ઉપકાર માનતાં બોલ્યા, “ધન્ય છે તમને! તમે મને સાચા માર્ગે લાવીને ઉગારી લીધો.” રથનેમિ ભગવાન પાસે ગયાં, આલોચના કરી. એક વર્ષ બાદ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

સંયમ, તપ અને ત્યાગને માર્ગે આદર્શ જીવન જીવી સાધ્વી રાજેમતિ મોક્ષ પામ્યા.

અનેક જીવોંને પ્રતિબોધિત કરી, અનેક જીવોંને તારીને ભગવાન નેમનાથ પણ રૈવતગિરિ પર્વત પર થી નિર્વાણ પામ્યાં.

## MORAL

દેવાનુપ્રિયો! નેમનાથ ભગવાન અને સતી રાજેમતિનો નવ-નવ ભવથી ઋણાનુબંધ હતો. પરસ્પર પ્રીતિ હતી. આ સંસાર ભ્રમણમાં અનંતા જીવોને અનંતા જીવો સાથે પ્રીતિ બંધાય છે પણ છેલ્લે તે સંસાર સાગરથી તારનારી નહીં પણ ડુબાડનારી બની રહે છે...

આ કથા પરથી આપણે એક જ બોધ લેવાનો છે કે, મારા ઋણાનુબંધના પાત્ર સાથે હું પણ એવી જ પ્રીતિ બાંધું જે મને સંસાર સાગરથી તારનારી બની રહે.



# જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ



દેવાનુપ્રિયો ! તમને બધાને મહાભારતના યુદ્ધ વિશે તો ખબર જ હશે. બરાબર ને..! પરંતુ આજે આપણે એ યુદ્ધ સમયની એક interesting story સમજવા જઈ રહ્યા છીએ.

એકવાર શ્રી કૃષ્ણ વાસુદેવને મહાભારતના યુદ્ધ પહેલા કૌરવોનાં સૌથી મોટાભાઈ દુર્યોધન અને પાંડવોના સૌથી મોટા ભાઈ યુધિષ્ઠિરની પરીક્ષા કરવાનું મન થયું...

તેમણે બંનેને બોલાવ્યા અને દુર્યોધનને કહ્યું કે, ''તમે આખી નગરીમાંથી સારો માણસ શોધીને લાવો..'' અને યુધિષ્ઠિરને કહ્યું કે, ''તમે આખી નગરીમાંથી ખરાબ માણસ ગોતીને લાવો''

બંને નગરમાં નીકળી પડયા... દુર્યોધન આખી નગરીમાં સારો માણસ શોધવા લાગ્યો પરંતુ તેને દરેક માણસમાં કંઈ ને કંઈ ખામી અને દુર્ગુણ દેખાતા હતા..

કોઈ પણ વ્યક્તિ જ્યાં સુધી ભગવાન ન બને ત્યાં સુધી તેની અંદર સારા અને ખરાબ બંને ગુણો હોય છે. એ આપણા પર આધારિત છે કે આપણે તેનામાં શું જોઈએ છીએ..?

બંને ભાઈઓએ આખી નગરીમાં પરિભ્રમણ કર્યું. દુર્યોધનને એક પણ સારો માણસ ન મળ્યો. જ્યારે બીજી તરફ યુધિષ્ઠિર આખા નગરીમાં ખરાબ વ્યક્તિ શોધતા હતા પરંતુ તેને એક પણ વ્યક્તિ ખરાબ ન દેખાઈ, તેને દરેક વ્યક્તિમાં ગુણો જ દેખાતાં હતાં..

આપણે આપણી સેલ્ફ ને ચેક કરવાની છે કે, આપણને બીજી વ્યક્તિમાં અવગુણ દેખાય છે કે ગુણ..? જે પોતે સારા હોય તેને હંમેશા બધા સારા લાગે. જેનામાં પોતાનામાં જ અવગુણ હોય તેને બીજામાં પણ અવગુણ દેખાતા હોય છે.

સાંજે બંને શ્રીકૃષ્ણ પાસે આવ્યા અને પોતપોતાના જવાબો આપ્યા..

શ્રી કૃષ્ણ મહારાજ સમજી ગયા કે, જેવી પોતાની દૃષ્ટિ હોય તેવી જ સૃષ્ટિ દેખાય છે..

હવે આપણે આગમમાં આવતી શ્રી કૃષ્ણ વાસુદેવની ગુણગ્રાહી દૃષ્ટિ વિષેનો એક પ્રસંગ જાણીએ.

એકવાર કૃષ્ણવાસુદેવ પોતાની ચતુરંગી સેના સાથે જઈ રહ્યા હતા. રસ્તામાં એક સડેલા કાનવાળી કૂતરી હતી. તેના શરીરમાંથી અસહ્ય દુર્ગંધ આવતી હતી. પસાર થતાં લોકોએ પોતાના નાકની આગળ કપડું રાખ્યું, જેથી તે દુર્ગંધથી બચી શકાય પરંતુ શ્રી કૃષ્ણ વાસુદેવે તે કૂતરીના દાડમની કળી જેવા સફેદ દાંત જોયા અને સહુની સમક્ષ તે દાંતની પ્રશંસા કરી.

જેની જેવી દૃષ્ટિ હોય, તેવું જ તેને દેખાય છે, ગુણગ્રાહી દ્દષ્ટિવાનને સર્વત્ર ગુણ જ દેખાય છે. કૂતરી સડેલા કાનવાળી હતી. તેના કાનમાં કીડા ખદબદી રહ્યા હતા. તેના શરીરમાંથી અસહ્ય દુર્ગંધ આવી રહી હતી. આ બધું હોવા છતાં શ્રી કૃષ્ણ વાસુદેવની દ્રષ્ટિ કૂતરીના સફેદ દાંત પર ગઈ અને તેની પ્રશંસા કરી. આ પ્રસંગ કૃષ્ણવાસુદેવની ગુણગ્રાહી દ્દષ્ટિને પ્રગટ કરે છે.

આ બંને સ્ટોરી પરથી આપણે શું સમજવાનું છે..?

## MORAL

જો આપણે સારા હોઈએ તો દુનિયા સારી લાગે, જો આપણે ખરાબ હોઈએ તો દુનિયા ખરાબ લાગે. મારે હંમેશા દરેકના સદ્‌ગુણો જોવા છે...

પરમાત્મા કહે છે કે, જો તમને કોઈ વ્યક્તિ માટે નેગેટિવિટી હોય તો પણ તમે તેના સારા ગુણો શોધો અને ગુણને જ જુઓ. તમારી અંદરની નેગેટિવિટી દૂર થઈ જશે.

સારી વ્યક્તિ હંમેશા પોતે પણ સુખી થાય છે અને બીજાને પણ સુખી કરી શકે છે. મહાભારતના યુદ્ધમાં છેલ્લે જીત કોની થઈ..?

જીત સદ્‌ગુણી યુધિષ્ઠિરની થઈ..

સદ્‌ગુણી હંમેશા સુખ અને શાતા જ આપે છે અને સુખ તથા શાતા પામે છે..

# રત્નાકર પચ્ચીસી (કડી 1 થી 12)

(રાગ:હરિગીત)

મંદિર છો મુક્તિ તણાં, માંગલ્ય ક્રીડાના પ્રભુ!
ને ઇન્દ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ!
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું ! ઘણું જીવ તું ! ભંડાર જ્ઞાન કળા તણા... 1

ત્રણ જગતના આધાર ને, અવતાર હે ! કરુણા તણા,
વળી વૈદ્ય હે! દુર્વાર આ, સંસારનાં દુ:ખો તણાં,
વીતરાગ વલ્લભ વિશ્વનાં, તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી કરું... 2

શું બાળકો માબાપ પાસે, બાળ ક્રીડા નવ કરે,
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે!
તેમ જ તમારી પાસ તારક ! આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી... 3

મેં દાન તો દીધું નહીં ને, શિયળ પણ પાળ્યું નહીં,
તપથી દમી કાયા નહીં, શુભ ભાવ પણ ભાવ્યો નહીં,
એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઇ પણ પ્રભુ નવ કર્યું,
મારું ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું ! નિષ્ફળ ગયું... 4

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયા જાળમાં, મોહન ! મહા મૂંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે... 5

મેં પરભવે કે આ ભવે, પણ હિત કાંઇ કર્યું નહીં,
તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો નહીં,
જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા... 6

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ !
ભીંજાય નહીં મુજ મન અરે રે ! શું કરું હું તો વિભુ?
પથ્થર થકી પણ કઠણ મારું મન, ખરે ક્યાંથી દ્રવે?
મર્કટ સમા આ મન થકી, હું તો પ્રભુ હાર્યો હવે... 7

ભમતાં મહા ભવસાગરે, પામ્યો પસાયે આપના;
જે જ્ઞાન દર્શન ચરણરૂપી, રત્નત્રય દુષ્કર ઘણાં;
તે પણ ગયા પ્રમાદના વશથી, પ્રભુ ! કહું છું ખરું,
કોની કને કિરતાર ! આ પોકાર જઇને હું કરું? 8

ઠગવા વિભુ ! આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ, રંજન લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું?
સાધુ થઇને બહારથી, દાંભિક અંદરથી રહું... 9

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યાં, પરનારીમાં લપટાઇને;
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતવી નઠારું પર તણું,
હે નાથ ! મારું શું થશે ? ચાલાક થઇ ચૂક્યો ઘણું... 10

કરે કાળજાને કતલ પીડા, કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ, હું વિટંબણા પામ્યો ઘણી,

તે પણ પ્રકાશ્યું આજ લાવી, લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને... 11

નવકાર મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રોનાં વાક્યો વડે, હણી આગમોની વાણીને,
કુદેવની સંગત થકી, કર્મો નકામાં આચર્યાં;
મતિ ભ્રમ થકી રત્નો, ગુમાવી કાચ કટકાં મેં ગ્રહ્યાં... 12



# વાણી વિવેક

**(રાગ – એ માલિક તેરે બંદે હમ)**

હે ભંતે ! આપની આજ્ઞા અમે પાળીશું,
વાણીનો વિવેક અમે જાળવીશું,
હિત અમે બોલીશું, મિત અમે બોલીશું,
પરિમિત સદાયે બોલીશું... હે ભંતે...





અસત્ય કદી નહીં ઉચ્ચારીએ,
કઠોર ભાષા કદી નહીં બોલીએ
જરૂર પડે બોલીશું, નહીં તો મૌન રાખીશું,
વચનનું મહત્ત્વ સમજીશું... હે ભંતે...

કા-કા-કરતો કાગડો, કોઇને કદી ના ગમે,
કુંજન કરતી કોયલ, સહુના સદ્ભાવ પામે,
કર્કશ ભાષા ના બોલીશું, વાણીમાં મિઠાશ ઘોળીશું
કેવું બોલવું તેનો વિવેક રાખીશું... હે ભંતે...





અનંત પુણ્યના ઉદયે વાણી મળી
અનંત જીવોને નથી તે આપણને જડી
વાણીનો સદ્ઉપયોગ કરીશું, શાતા પહોંચાડીશું
ધીમું બોલવું એ જીવન મંત્ર બનાવીશું... હે ભંતે...

વડીલોને બેક એન્સર ના આપીશું
મિત્રો સાથે વિવાદ ના કરીશું
ગુરુજનો સાથે, નમ્રતાથી બોલીશું
આજ્ઞાને 'તહત્તિ 'કહી શિરે ચડાવીશું... હે ભંતે...



|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ: ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબહેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva- Dharmik Shikshan Board,

Jayant Arcade, office No 202, 2nd floor, M.G. Road, Rajawadi Signal, Ghatkopar (E), Mumbai- 400077

E-mail: jainshikshanboard@gmail.com Website: www.jaineducationboard.org

### Our Website

Contact Details of Shikshan Board office (Phone & Email)
News and Events related to examination and breaking news
Know Goals and Visions of Board
Facility to enroll for forth coming exam online
Historical exams and answer papers available form 2016
Downloadable version of Shreni exam books
Schedule of forth coming Shreni exams available
Avail Jain Pathavali Online
Access Photographs of various events
View Past exams results

### વેબ સાઈટમાં માહિતી

શિક્ષણ બોર્ડની ઓફિસના ફોન નંબર તથા ઇ-મેલ મેળવી શકશે.
બોર્ડ દ્વારા આગામી પરીક્ષાની માહિતી વિગતવાર મૂકવામાં આવશે.
બોર્ડના હેતુ તથા ધ્યેય જાણવા મળશે.
ઘર બેઠા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે.
2016 થી પરીક્ષાના પેપર તથા જવાબો મેળવી શકાશે.
દરેક શ્રેણીનો અભ્યાસક્રમ ડાઉનલોડ કરી શકશો.
પરીક્ષા માટેની માહિતી સમયસર મળી શકશે.
જૈન પાઠાવલી ઓનલાઈન મેળવી શકશો.
પ્રોગ્રામના ફોટા જોઈ શકાશે.
ભૂતપૂર્વ આપેલી પરિક્ષાનું પરિણામ જોઇ શકશો.

# કર્મરાજાનો ન્યાય

(રાગ- ટિમ ટિમ કરતે તારે)

કર્મરાજા ન્યારા છે, સહુમાં અનેરા છે
ડરેના એ કોઇથી, ન્યાય તોળે ચોક્કસાઇથી... કર્મરાજા...



નોનવેજ ખાશો તો, નરકમાં મોકલશે
જીવદયા પાળશો તો, દેવલોકમાં સાચવશે
માયા કપટ કરશો તો, તિર્યંચ બનાવશે
સરળતા રાખશો તો, માનવ ભવ આપશે... કર્મરાજા...

અસત્યના આચરણો, દુર્ગતિ અપાવશે
સત્ય વ્યવહારથી, સુગતિમાં મોકલશે
કષાયો કરશો તો,  સર્પ - વીંછી  બનાવશે
ઉપશાંત રહેશો તો, માન-સન્માન અપાવશે... કર્મરાજા...






ટી. વી. બહુ જોશો, તો ઝાડ બનાવી દેશે
ધર્મક્ષેત્રમાં જશો તો, જ્ઞાનમય બનાવશે
વડીલો સામે બોલશો તો, અનાથ બાળક બનાવશે,
વિનય વિવેક રાખશો તો, જબ્બર કૃપા વરસાવશે.કર્મરાજા...

ગુરુ દર્શન કરશો તો, સમજણ વધારશે
પ્રભુભક્તિ કરશો તો, ગુણવાન બનાવશે
સત્ય ધર્મ જાણશો તો, સંસાર તરાવશે
કર્મનો ક્ષય કરી, મોક્ષ અપાવશે...... કર્મરાજા...

